અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૦ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો વદ ૧૩ | અંક : ૧૨૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

વિકાસકામો માટે સમગ્રતયા ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી । રાજ્યના નગરો-મહાનગરોમાં વસતા લોકોના જીવનધોરણમાં ઉન્નતિ અને સુખાકારી માટે ઈઝ ઓફ લીવિંગમાં વૃદ્ધિનો અભિગમ અપનાવ્યો છે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યની ૪ મહાનગરપાલિકાઓ અને ૪ નગરપાલિકાને દિવાળી ભેટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ કુલ ૫૦૨ કામો માટે કુલ ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી,ભચાઉ-ધાનેરા-ડાકોર-ખેડબ્રહ્મા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો માટે કુલ ૬૭.૭૦ કરોડ રૂપિયા ફાળવાયા,સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ મેન્ટ-આઉટગ્રોથ અને ફ્લાય ઓવરબ્રિજના મળીને કુલ ૧૨,૧૨૨ કરોડ રૂપિયા છેલ્લાં ત્રણ વર્ષમાં ફાળવવામાં આવ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસતા લોકોના જીવનધોરણમાં ઉન્નતિ અને સુખાકારી માટે ઈઝ ઓફ લીવિંગમાં વૃદ્ધિનો અભિગમ અપનાવ્યો છે.આ હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રીએ અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર મહાનગરોને વિવિધ ૫૦૨ જેટલા વિકાસકામો માટે સમગ્રતયા ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યની ચાર નગરપાલિકાઓ ભચાઉ, ધાનેરા, ડાકોર અને ખેડબ્રહ્માને ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ના કામો માટે કુલ રૂ. ૬૭.૭૦ કરોડની ફાળવણી કરવાની પણ સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે આ સંદર્ભમાં મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરેલી દરખાસ્તોને તેમણે અનુમતિ આપી છે.

## પી.ડી.પી.યુ.-ગિફ્ટ સિટી રોડ પર બ્યુટિફિકેશનની કામીગીરી હાથ ધરાશે



ઉપરાંત આ ઉપરાંત રાયસણ, સરગાસણ સહિતના વિસ્તારોમાં રોડરસ્તાનાં ત્રણ કામો, છ બગીચાઓનાં નવીનીકરણ, સ્ટોર્મ વોટર વોટર ડિસ્પોઝલ અને ડ્રેનેજ લાઈન સહિતના કામો માટે પણ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના આવા કુલ ૧૩ કામો માટે ૯૭.૪૩ કરોડ રૂપિયાને મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં સામાજિક આંતર-માળખાકીય સુવિધા માટે રાયસણ ખાતે સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર તથા રાંદેસણ ખાતે નવીન પાર્ટી પ્લોટના નિર્માણની કામગીરી, મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા આંગણવાડીઓ અને પી.એચ.સી. કેન્દ્રોના રિનોવેશન અને બાંધકામની કામગીરી સહિતના કામો માટે ૧૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સમગ્રતયા ગાંધીનગરને ૨૨ કામો માટે ૧૪૪.૪૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૨૦૨૧-૨૨થી ૨૪-૨૫ના વર્ષોમાં રાજ્ય સરકારે ૮ મહાનગરોમાં આંતર-માળખાકીય વિકાસના કામો માટે કુલ ૯૫૯૧.૪૯ કરોડ, આઉટગ્રોથ એરિયાના કામો માટે ૧૩૮૮.૮૫ કરોડ અને ફ્લાય ઓવર બ્રિજ માટે ૧૧૪૧.૮૮ કરોડ મળીને સમગ્રતયા રૂપિયા ૧૨,૧૨૨ કરોડ ફાળવ્યા છે.

ગુજરાતની સ્થાપનાના પચાસ વર્ષ પૂર્ણ થવા અવસરે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આયોજનબદ્ધ શહેરી વિકાસ માટે ૨૦૧૦થી આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરી છે.આ બહુહેતુક યોજનામાંથી નગરો-મહાનગરોમાં ટ્રાફિકભારણ સરળ કરવા, ફ્લાયઓવરબ્રિજ નિર્માણ માટે, અર્બન મોબિલિટી માટે, તેમજ નગરની આગવી ઓળખ ઊભી કરતાં કામો સાથે રોડરસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠા, સ્ટ્રીટલાઈટ, જેવા સામાજિક અને ભૌતિક આંતર-માળખાકીય વિકાસના કામો માટે નાણાં ફાળવણી કરવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તદઅનુસાર, સુરત મહાનગરમાં યાતાયાત સરળ બને અને માર્ગ પરના ટ્રાફિકનું ભારણ હળવું થાય તે હેતુથી સુરત મહાનગર પાલિકાને ૩૮૦કરોડ રૂપિયા ૬ ફ્લાય ઓવરબ્રિજના કામો માટે ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. મુખ્યમંત્રીએ સુરતમાં જે ૬ ફ્લાય ઓવરબ્રિજના કામો માટે રૂ. ૩૮૦ કરોડ મંજૂર કર્યા છે, તેમાં ઈસ્ટ ઝોન એ(વરાછા) વિસ્તારમાં સુરત-કામરેજ રોડ ઉપર એન્ટ્રી એક્ઝિટ રેમ્પ અને શ્યામધામ મંદિર જંક્શન પર ફલાયઓવરબ્રિજ, સુરત-બારડોલી રોડ ઉપર એ.પી.એમ.સી. જંક્શન નજીક ફલાયઓવર બ્રિજ, વલ્લભાચાર્ય રોડ પર હયાત શ્રીનાથજી ફલાયઓવર બ્રિજ પર જવા માટેનો એન્ટ્રી રેમ્પ, સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં મીડલ રીંગરોડ મહારાણા પ્રતાપ જંક્શન પર ફલાયઓવર બ્રિજ અને નીલગીરી સર્કલ જંક્શન પર ફલાયઓવર બ્રિજ વગેરેનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરના આઉટગ્રોથ વિસ્તારના ૪૬ જેટલા વિકાસકામો માટે ૩૧૬ કરોડ રૂપિયા પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ૪૬ કામોમાં ડ્રેનેજ, સ્યુએઝ પ્લાન્ટ, રોડરસ્તાના કામો તેમ જ પશ્ચિમ ઝોન, ઉત્તર ઝોન અને ઉત્તર પશ્ચિમ કામો સમાવિષ્ટ છે. તેમણે વડોદરા મહાનગર પાલિકાને પણ આઉટગ્રોથ વિસ્તારના ૫૦ કામો માટે ૬૮.૦૪ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે. વડોદરા મહાનગરમાં આ કામો અંતર્ગત પાણી પુરવઠા, ડ્રેનેજ, વરસાદી ગટરના કામો, રોડના કામો,

સ્ટ્રીટ લાઈટના કામો સાથે પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ઝોનના વિવિધ કામો હાથ ધરાશે. એટલું જ નહીં, વડોદરા મહાનગર પાલિકાને ભૌતિક આંતર-માળખાકીય સુવિધાના પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, બિલ્ડિંગ પ્રોજેક્ટ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને જુદાજુદા ઝોનમાં ગટર, વરસાદી ગટર, બિલ્ડિંગ, બ્રિજ પ્રોજેક્ટ, પાર્ક્સ, ગાર્ડનના કામો વગેરે મળી ૩૭૦ કામો માટે ૭૫૫.૯૬ કરોડ રૂપિયાની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

## વડાપ્રધાને રાજુલાના ધારાસભ્યને દિલ્હીનું આમંત્રણ આપતા રાજનીતિમાં અટકળો

### હીરાભાઈ સોલંકી રાજ્ય સરકારના મંત્રી પરશોત્તમ રૂપાલાના સગા ભાઈ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।



વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે ગુજરાતની મુલાકાતે હતાં. આ દરમિયાન તેમણે અમરેલીના લાઠીમાં લોકસભા યોજી હતી. આ સભામાં જાહેર મંચ પરથી વડાપ્રધાને રાજુલાના ધારાસભ્યને દિલ્હીનું આમંત્રણ આપ્યું હતું. વડાપ્રધાને લાઠીમાં તેમના ભાષણ દરમિયાન ધારાસભ્ય હીરા સોલંકીને કહ્યું હતું કે, 'દિલ્હી ક્યારે આવો છો?' જાહેરમાં વડાપ્રધાન મોદીએ કરેલી આ વાત પછી રાજકીય અટકળો તેજ થઈ ગઈ છે. વડાપ્રધાન મોદીએ લાઠીમાં ભાષણ દરમિયાન કહ્યું કે, 'આપણાં જાફરાબાદના બાજરાનો તો હું દિલ્હીમાં પણ વખાણ કરતો હોઉ છું. અમારા હીરાભાઈ મને મોકલતા હોય છે.' ત્યાર પછી વડાપ્રધાને જાહેર મંચ પરથી હીરાભાઈને કહ્યું કે, 'જાફરાબાદનો બાજરો લઈને દિલ્હી ક્યારે આવો છો?' વડાપ્રધાને જાહેર મંચ પરથી આમંત્રણ આપ્યા બાદ ભાષણ પૂરૂં કરી ધારાસભ્યને મળીને વાતચીત પણ કરી હતી. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ દરમિયાન રાજકીય અટકળો પણ શરૂ થઈ ગઈ છે કે, આખરે વડાપ્રધાને હીરાભાઈને દિલ્હીનું આમંત્રણ કેમ આપ્યું? શું હીરાભાઈ માટે કોઈ ખાસ પદની વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ? આ સિવાય દિલ્હીની મુલાકાત બાદ હીરાભાઈની રાજકીય કારકીર્દિમાં કોઈ બદલાવ આવશે કે કેમ તે વિશે પણ ચર્ચા થઈ રહી છે. હીરાભાઈ સોલંકી રાજ્ય સરકારના મંત્રી પરશોત્તમ રૂપાલાના સગા ભાઈ છે. તેઓ અમરેલી જિલ્લાની ૫ વિધાનસભા પૈકી રાજુલા વિધાનસભાના ધારાસભ્ય છે અને કોળી સમાજના દિગ્ગજ નેતા તરીકેની ઓળખ ધરાવે છે. ગત વિધાનસભામાં ભાજપે નો રિપીટ થિયરી અપનાવી હતી, ત્યારે પણ પરશોત્તમ રૂપાલાના ભાઈ હીરાભાઈ સોલંકીને રાજુલા વિધાનસભા બેઠક પરથી ટિકિટ અપાઈ હતી.

## ડીસાના માલગઢ ગામે જૂની અદાવતે ધીંગાણું સર્જાયું, સાત લોકોને ઇજા

। (એજન્સી) ડીસા, તા.૨૯ ।

ડીસા તાલુકાના માલગઢ ગામે મોડી રાત્રે ભીલડી હાઈવે પર એક જ સમાજના બે જૂથો સામસામે આવી જતાં કુલ સાત લોકોને ઈજા થવા પામી હતી. ઈજાગ્રસ્તોને ડીસા અને પાલનપુર સારવાર ખાતે ખસેડાયા હતા. આ અંગે ડીસા તાલુકા પોલીસે બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધી છે. આ અંગેની વિગત એવી છે કે ડીસાના માલગઢ ગામે ભીલડી હાઈવે પર રહેતા જગદીશ દેવચંદજી કચ્છવા ગત મોડી રાત્રે હાઈવે પર એક પાર્લર પર પોતાની ફોર્ચ્યુનર ગાડીમાં મિત્રો સાથે બેઠા હતા. ત્યારે ગામનો જ હસમુખ ખેતાજી પરમાર માળી પણ તેના મિત્રો સાથે ક્રેટા ગાડીમાં આવી જગદીશની કારને ટક્કર મારી જૂની અદાવત બાબતે મારામારી કરી હતી. જોકે બાદમાં હસમુખ અને તેના મિત્રો સોમનાથ હોટલ પર જતા જગદીશ તથા તેમના ભાઈ ફુલચંદભાઈ, સુરેશભાઈ તેમજ મિત્રો સમજાવટ માટે સોમનાથ હોટલ પર પહોંચતાં હતાં.

RBIએ Jio પેમેન્ટને આપ્યુ લાયસન્સ

## ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને દિવાળી પહેલા શાનદાર ભેટ

### Jio પેમેન્ટ સોલ્યુશન્સ લિમિટેડને ઓનલાઈન પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવા માટે સંમતિ મળી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૯ ।

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને દિવાળી પહેલા શાનદાર ભેટ મળી છે. તેમને આ ભેટ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી મળી છે. મંગળવારે RBI એ જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસની પેટાકંપની ત્રેં પેમેન્ટ સોલ્યુશન્સ લિમિટેડને ઓનલાઈન પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવા માટે સંમતિ આપી હતી. 'Jio Pay' જેવી સેવાઓ ચલાવતી આ કંપની હવે સમગ્ર દેશમાં પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરી શકશે. અત્યારે દેશમાં ડિજિટલ પેમેન્ટ સેક્ટરમાં ગૂગલ પે અને ફોનપેનું વર્ચસ્વ છે. તેઓ ડિજિટલ પેમેન્ટ સેગમેન્ટમાં ૬૦ ટકાથી વધુ વ્યવહારો સંભાળે છે. તેથી, RBI અને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પણ હાલમાં દેશમાં નવી થર્ડ પાર્ટી એપ્સને પેમેન્ટ લાઈસન્સ આપી રહ્યા છે. આમાં Zomato, Cred વગેરેનો સમાવેશ થાય છે.

## ફટાકડા ફોડવા દરમિયાન ૧૫૦ લોકો ઘાયલ, ૮ની હાલત ગંભીર

### આ ઘટના અંજુતામ્બલમ વીરકાવુ મંદિરમાં બની હતી, અહીં મંદિરમાં વાર્ષિક કાલિયતમ ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો હતો

। (એજન્સી) કેરળ, તા.૨૯ ।

દિવાળી પહેલા કેરળના કાસરગોડમાં એક મોટી દુર્ઘટના થઈ છે. અહીંના એક મંદિરમાં એક કાર્યક્રમ દરમિયાન ફટાકડાના સ્ટોરેજમાં મોટો વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. બધાને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. વિસ્ફોટના કારણે સ્થળ પર સ્થિતી બગડી હતી. કાર્યક્રમમાં સેંકડો લોકો ઉમટી પડ્યા હતા. આ ઘટના અંજુતામ્બલમ વીરકાવુ મંદિરમાં બની હતી. અહીં મંદિરમાં વાર્ષિક કાલિયતમ ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો



હતો. કાર્યક્રમ માટે ફટાકડાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. તેને સ્ટોરેજમાં સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. દરમિયાન રાત્રે ૧૨.૩૦ વાગ્યે અચાનક ફટાકડા ફૂટવા લાગ્યા અને થોડી જ વારમાં ધુમાડાના ગોટે ગોટા ઉડ્યા ગતા.ઘટના દરમિયાન લોકોએ મોબાઈલ ફોનમાં વીડિયો રેકોર્ડ કરવાનું શરૂ કરી દીધું હતું. વિસ્ફોટના કારણે ૧૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જેમાંથી ૯૭ ઘાયલોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. પોલીસે જણામવ્યું કે અંજુતામ્બલમ વીરકાવુ મંદિરમાં વાર્ષિક કાલિયતમ ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો હતો. કાર્યક્રમ માટે ફટાકડાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. તેને સ્ટોરેજમાં સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. દરમિયાન, રાત્રે ૧૨.૩૦ વાગ્યે અચાનક સ્ટોરેજમાં મોટો ધડાકો થયો હતો. ત્યાં એક પછી એક બધા ફટાકડા ફોડવા લાગ્યા. બન્યું એવું કે સ્ટોરેજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. તે સમયે મોટી સંખ્યામાં લોકો પણ ત્યાં હાજર હતા. ભીડમાં રહેલા લોકો આ આગનો વીડિયો બનાવવા લાગ્યા.

## ગાંધીનગરમાં રનિંગ માટે નીકળેલા સગીરનું વહેલી પરોઢિયે અપહરણ

। ગાંધીનગર, તા.૨૯ ।

ગાંધીનગર શહેરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વહેલી સવારે રનિંગ માટે નીકળેલા સગીરનું અપહરણ થયુ હોવાનો બનાવ સેકટર - ૨૧ પોલીસ મથકમાં નોંધાયો છે. તેના આધારે પોલીસે સગીરના મોબાઈલની ડિટેઈલ્સ મેળવી તપાસનો દોર શરૂ કર્યો છે. ગાંધીનગરના સેક્ટર – ૨૩માં આવેલી એક સોસાયટીમાં રહેતો પરિવાર મૂળ રાંધેજાનો વતની છે. વતનમાં ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતા પરિવારમાં પત્ની અને બે સંતાનો છે.

## ગિરનાર રોપ-વેના મેન્ટેનન્સના ખર્ચની આડમાં ટિકિટ ભાડામાં ૧૦નો વધારો

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૯ ।

ઐતિહાસિક નગરી ગણાતી જૂનાગઢની ભવનાથ તળેટી ખાતે કાર્યકરત એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ વેના ચાર્જમાં કેટલીક ટિકિટોમાં ૧૦ ટકાનો ભાવ વધારો થયાનું રોપ-વે સૂત્ર દ્વારા જણાવાયું હતું. હાલ દિવાળી વેકેશન હોઈ પ્રવાસીઓની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળી રહ્યો છે ત્યારે રોપવે દ્વારા પ્રવાસીઓની સગવડતા વધારવા રોપવે દ્વારા ૧૦ ટકા જેટલો ચાર્જમાં વધારો કરાયો છે, જેમાં લોકલ પ્રવાસીઓ અને બાળકો માટેની ટિકિટમાં કોઈ વધારો થયો નથી.હાલ રોપવેની દરેક ટ્રોલીની કેબિનમાં ૮ વ્યકિતની ક્ષમતા ધરાવતી કુલ ૨૫ ટ્રોલી કેબિન આ રોપ-વેમાં કાર્યરત છે,જેના દ્વારા દર કલાકે બંને તરફ ૮૦૦ જેટલા યાત્રિકો અવર-જવર કરી રહ્યા છે, રોપ-વેનો કોચ પ્રતિ સેકન્ડ ૬ મીટરની ઝડપથી પસાર થાય છે. અંબાજી ખાતે બનાવવામાં આવેલો રોપવે પ્રતિ સેકન્ડ ૨.૭૫ મીટરની ઝડપથી ચાલે છે.

## વેકેશન પડતાં રાજકોટના ૧૪ વિદ્યાર્થીએ ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ ગોઠવી

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

ગોંડલના ગુંદાસરા ગામની સીમમાં રાજકોટ રૂરલ એલસીબી અને એસઓજીની ટીમે દારૂ મહેફિલ ઝડપી લીધી હતી. વેકેશન પડતા રાજકોટના ૧૪ વિદ્યાર્થીઓએ ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ ગોઠવી હતી. પોલીસે દરોડો પાડી તમામને ઝડપી લીધા હતા. ૧૪માંથી ૯ સગીર વિદ્યાર્થીઓ ધો. ૧૨માં અભ્યાસ કરતા હોવાનું જાણવા મળે છે. જેથી વાલીઓ માટે આ લાલબત્તી સમાન કિસ્સો છે. પોલીસે દારૂની ચાર બોટલો કબ્જે કરી ગોંડલ તાલુકા પોલીસ મથકે ગુનો દાખલ કર્યો હતો. દારૂની મહેફીલ માણવા માટે હિન્દી ગીતો ઘણા છે જેમાં "પાર્ટી તો અભી શરૂ હુઈ હે, ચાર બોટલ વોડકા કામ મેરા રોજ કા" આવી જ મહેફિલ ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે આવેલ ફાર્મ હાઉસમાં ચાલી રહી હતી ત્યારે એલસીબી પોલીસે ત્રાટકી રંગમાં ભંગ પાડી પાંચ શખ્સોને ઝડપ્યા હતા જ્યારે આ દરોડામાં કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો પણ મળી આવ્યા હતા.



# સરકારી હોસ્પિટલમાં તહેવારો માં રેસિડેન્ટ ડોક્ટરોની ઘટથી દર્દીઓને હાલાકી પડશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ગુજરાત સહિત તમામ રાજ્યોમાં હાલ પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટેની કાર્યવાહી જ શરૂ કરાઈ નથી. જેના કારણે સરકારી હોસ્પિટલમાં પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટરોની ભારે ઘટ છે. દિવાળીને તહેવારોમાં હોસ્પિટલમાં દર્દીઓની સારવાર કરવામાં પણ ભારે મુશ્કેલી ઊભી થાય તેમ છે. તાકીદે પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટરો ન આવે તો તહેવારો સહિત આગામી દિવસોમાં અનેક પ્રકારની સમસ્યાઓ અને દર્દીઓની કફોડી સ્થિતિ ભોગવવી પડે તેવી આશંકા તજજ્ઞો વ્યક્ત કરી રહ્યા છે.

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલની પ્રવેશ પ્રક્રિયા સામાન્ય રીતે દર વર્ષે મે માસમાં પૂરી થઈ જતી હોવાથી ૧૫મેથી જૂન વચ્ચે દરેક મેડિકલ કોલેજોમાં પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટરો મળી રહે છે. સૂત્રો કહે છે કે, રાજ્યમાં પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટરોની સંખ્યા અંદાજે ૨૫૦૦ જેટલી છે. ચાલુ વર્ષે હજુ સુધી પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે લેવાયેલી નીટનું પરિણામ જાહેર થયા પછી પ્રવેશ પ્રક્રિયા જ શરૂ થઈ નથી. જેથી છેલ્લા પાંચ માસથી દરેક મેડિકલ કોલેજો અને હોસ્પિટલમાં પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટર જ ઉપલબ્ધ નથી. ગત વર્ષે જે વિદ્યાર્થીઓએ પી.જી. ફર્સ્ટમાં પ્રવેશ લીધો હતો તેઓ હાલમાં બીજા વર્ષમાં આવી ગયા છે પરંતુ પહેલા વર્ષના વિદ્યાર્થીઓ આવ્યા ન હોવાથી તમામ કામગીરી બીજા વર્ષના રેસિડેન્ટ વિદ્યાર્થીઓએ જ કરવી પડે છે. સૂત્રો કહે છે નેશનલ બોર્ડ ઓફ એક્ઝામીનેશ (NBA) દ્વારા લેવાયેલી પી.જી.નીટનું પરિણામ જાહેર કરી દેવાયું છે પરંતુ હજુસુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ શકી નથી. કારણ કે, પી.જી.નીટના પરિણામમાં માત્ર પર્સન્ટાઈલ જ જાહેર કરાયા હોવાથી કેટલાક વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટમાં રિટ કરી છે. સુપ્રીમ કોર્ટમાં આ કેસને લઈને વધુ સુનાવણી આગામી ૧૪મી નવેમ્બરે છે. એટલે કે આ સમયમર્યાદા સુધી પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે કાર્યવાહી થઈ શકે તેમ નથી. પ્રવેશ કાર્યવાહી ન થાય એટલે કે હોસ્પિટલમાં પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટરો મળશે નહીં. હાલમાં દિવાળીનો સમય ચાલી રહ્યો છે. બીજા વર્ષમાં આવેલા રેસિડેન્ટ ડોક્ટરો પૈકી મોટાભાગના રજા પર જતાં હોવાથી હાલ કામનું ભારણ વધુ રહ્યું છે. પ્રથમ વર્ષ રેસિડેન્ટ ડોક્ટરો હોસ્પિટલમાં ૨૪ કલાક હાજર રહીને કામગીરી કરતાં હોય છે. હાલમાં બીજા વર્ષમાં આવેલા વિદ્યાર્થીઓએ ગતવર્ષ આ પ્રકારની કામગીરી કરી હોવાથી મોટાભાગના હવે આ પ્રકારની કામગીરી કરવા તૈયાર નથી. રાજ્યમાં ચાલુ વર્ષે મેડિકલમાં પ્રવેશ માટે ત્રણ રાઉન્ડ પૂરા થઈ ચૂક્યા છે. મેડિકલ પ્રવેશના નિયમ પ્રમાણે રજિસ્ટ્રેશન કરાવ્યા પછી પ્રવેશ ન લેનારા વિદ્યાર્થીઓની ડિપોઝિટ રૂ.૧૦ હજાર જપ્ત કરવામાં આવતી હોય છે.

### પૃથ્વીવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી

# અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં જ દિવાળી ઉજવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।



નાસાના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ આ વખતે અવકાશમાં જ દિવાળી ઉજવશે. તેમણે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન તરફથી એક વીડિયો મેસેજ શેર કર્યો છે જેમાં તેમણે પૃથ્વીવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતો. તેમણે કહ્યું કે, 'આ વર્ષે માને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે.' આ દરમિયાન સુનીતા વિલિયમ્સે તેના પિતાના પ્રયાસોને યાદ કર્યા હતા. જેણે તેમના પરિવારને દિવાળી અને અન્ય ભારતીય તહેવારો વિશે શીખવીને ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી હતી. વીડિયો મેસેજમાં સુનીતા વિલિયમ્સે જણાવ્યું હતુ કે, 'આ વર્ષે મને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે. દિવાળી એ આનંદનો સમય છે, આજે અમારા સમુદાય સાથે દિવાળીની ઉજવણી કરવા અને અમારા સમુદાયના એનેક યોગદાનને માન્યતા આપવા બદલ અમેરિકન પ્રમુખ જો બાઈડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસનો આભાર.' આ વીડિયો મેસેજ વ્હાઈટ હાઉસમાં આયોજિત દિવાળીની ઉજવણી દરમિયાન આવ્યો હતો.સુનીતા વિલિયમ્સ તેના સાથી અવકાશયાત્રી બૂચ વિલમોર સાથે જૂનથી ISS પર છે. બંનેએ પહેલી ક્રૂ ફ્લાઈટ પાંચમી જૂને બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટ પર કરી હતી, જે છઠ્ઠી જૂને સ્પેસ સ્ટેશન પર પહોંચી હતી. સ્ટારલાઈનરને તેના ક્રૂ વિના પૃથ્વી પર પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ સ્પેસક્રાફ્ટ સફળતાપૂર્વક પાછું ફર્યું હતું, કારણ કે ઓગસ્ટમાં નાસાએ વિલમોર અને વિલિયમ્સને પૃથ્વી પર પાછા ફરવું ખૂબ જોખમી હતું.

### તપાસ કર્તાઓએ સંપત્તિ જપ્ત કરી

# ગેરકાયદે પ્રસારણમાં સામેલ ઓનલાઈન સટ્ટાબાજી એપ ફેરપ્લે પર ED ની કાર્યવાહી

। (એજન્સી) કચ્છ, તા.૨૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ આઈપીએલ સહીતના મેચોના ગેરકાયદે પ્રસારણમાં સામેલ ઓનલાઈન સટ્ટાબાજી એપ ફેરપ્લેની તપાસ કરી રહ્યું છે. જેમાં ૨૫ ઑક્ટોબરના રોજ સમગ્ર મુંબઈ અને ગુજરાતનાં કચ્છમાં થઈને આઠ સ્થળો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ , ૨૦૦૨ હેઠળ આ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં મિલકત, રોકડ, બેંક ભંડોળ સહીત રૂ.૪ કરોડની સંપત્તિ જપ્ત કરીને તેને ફ્રીઝ કરવામાં આવી હતી. આ ઉપરાંત તપાસકર્તાઓએ અનેક ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો અને મિલકતના દસ્તાવેજો રિકવર કર્યા છે.

મળતા રિપોર્ટ્સ અનુસાર વાયકોમ ૧૮ પાસે મેચનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનાં અધિકાર હતા, પરંતુ મેચોને ફેરપ્લે પર ગેરકાયદેસર રીતે સ્ટ્રીમ કરવામાં આવી હતી. જેના કારણે વાયકોમને રૂ.૧૦૦ કરોડથી વધુનું નુકસાન થવાથી ફેરપ્લે સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

ફરિયાદમાં ફેરપ્લે પર ઈન્ડિયન પીનલ કોડ, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ અને કોપીરાઈટ એક્ટ હેઠળ ઉલ્લંઘનનો આરોપ, તેમજ ડિજિટલ પાયરસીનો કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસનો ક્રિશ લક્ષ્મીચંદ શાહને ફેરપ્લેનો માસ્ટર માઈન્ડ માનવામાં આવે છે. ઈડી તપાસમાં આંતરરાષ્ટ્રીય કંપનીઓનું નેટવર્ક પણ બહાર આવ્યું છે. જે ફેરપ્લેની વૈશ્વિક કામગીરીને સમર્થન આપવા માટે સ્થાપિત કરવામાં આવી હતી. તેમજ દુબઈ ફેરપ્લેના ઓપરેશન હબ તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં ભારતમાં એકમો દ્વારા ટેકનિકલ અને નાણાકીય લોજિસ્ટિક્સનું સંચાલન કરવામાં આવે છે. ફેરપ્લે એપ સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ દ્વારા બનાવવામાં આવેલી મહાદેવ એપ સાથે જોડાયેલી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) હાલમાં મની લોન્ડરિંગ માટે મહાદેવ બુક એપની તપાસ કરી રહી છે. આ કેસમાં રણબીર કપૂર, હુમા કુરેશી, કપિલ શર્મા અને શ્રદ્ધા કપૂર સહિત અનેક સેલિબ્રિટીઓને સમન્સ મોકલવામાં આવ્યા હતા. સંજય દત્ત, સુનીલ શેટ્ટી અને ટાઈગર શ્રોફ સહિત ઘણી મોટી બોલીવુડ હસ્તીઓ આ વર્ષે ફેબ્રુઆરીમાં સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માં ચંદ્રાકરના લગ્નમાં હાજરી આપી હતી.

### જૂનાગઢ વાસીઓ માટે એરપોર્ટને લઈને ખુશીના સમાચાર

# અમદાવાદ-કેશોદ-દીવ વચ્ચે શરૂ થતી આ ફ્લાઇટ અઠવાડિયાના મંગળવાર, ગૂરૂવાર અને શનિવારે કાર્યરત

**આ ફ્લાઇટ કેશોદથી દીવ માટે રવાના થશે આ જે બપોરે ૩:૫૫ કલાકે દીવથી ઉપડી ફરી કેશોદ આવશે ત્યારબાદ બપોરે ૪:૨૦ મિનિટે અમદાવાદ માટે ઉડાન ભરશે**

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૯ ।

જૂનાગઢના કેશોદમાં નવાબના સમયથી એરપોર્ટ બનાવેલું છે. નોંધનીય છે કે, વર્ષો સુધી આ એરપોર્ટ પર ફ્લાઈટની અવર-જવર બંધ હતી. પરંતુ, છેલ્લાં અઢી વર્ષથી આ એરપોર્ટ ફરી શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે હવે જૂનાગઢ વાસીઓ માટે આ એરપોર્ટને લઈને વધુ એક સારા સમાચાર સામે આવ્યા છે.

પહેલા અહીં ફક્ત કેશોદથી મુંબઈની ફ્લાઈટ મળતી હતી, પરંતુ કેન્દ્ર સરકારની ઉડાની યોજના હેઠળ કેશોદ એરપોર્ટ પરથી ૨૯ ઓક્ટોબરથી સપ્તાહમાં ત્રણ દિવસની ફ્લાઈટ સેવા શરૂ થઈ છે. ત્યારે મુસાફરો અમદાવાદ-કેશોદ-દીવની ફ્લાઈટનો પણ લાભ લઈ શકાશે. આ નિર્ણયથી ખાસ કરીને સોમનાથ મહાદેવ જતા શ્રદ્ધાળુઓ ખુશખુશાલ છે.

અમદાવાદ-કેશોદ-દીવ વચ્ચે શરૂ થતી આ ફ્લાઈટ અઠવાડિયાના મંગળવાર, ગૂરૂવાર અને શનિવારે કાર્યરત રહેશે. અમદાવાદથી આ ફ્લાઈટ સવારે ૧૦:૫૫ મિનિટે ઉપડશે જે સવારે ૧૧:૨૦ કલાકે કેશોદ પહોંચાડશે. ત્યારબાદ આ ફ્લાઈટ કેશોદથી દીવ માટે રવાના થશે. આ જે બપોરે ૩:૫૫ કલાકે દીવથી ઉપડી ફરી કેશોદ આવશે. ત્યારબાદ બપોરે ૪:૨૦ મિનિટે અમદાવાદ માટે ઉડાન ભરશે. જૂનાગઢ-ગીરનાર તેમજ આસ પાસમાં આવેલાં સોમનાથ, માધવપુરા જેવા ધાર્મિક સ્થળો તેમજ ગીર અભયારણ્યમાં સિંહ દર્શન, ચોરવાડ હોલિડે કેમ્પ, દીવ સહિતના પર્યટન સ્થળોને પ્રોત્સાહન આપવા અને વેપાર-ધંધા તેમજ રોજગારી વધે તેને ધ્યાને લઈ આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય-રાજ્ય બહાર કે વિદેશ જતાં મુસાફરોની સરળતા માટે અઠવાડિયામાં ત્રણવાર એરલાઈન્સ એર એટીઆર ૭૨ વિમાન અમદાવાદ-કેશોદ-દીવની ઉડાન ભરશે.

નોંધનીય છે કે, કેશોદ-મુંબઈ વચ્ચે જે ફ્લાઈટ શરૂ હતી, તેની ફ્રિક્વન્સીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પહેલાં કેશોદથી મુંબઈ જવા અઠવાડિયામાં ત્રણ દિવસ ફ્લાઈટ મળતી હતી, જે હવે ચાર દિવસ મળશે. કેશોદથી મુંબઈ જતી ફ્લાઈટ હવે રવિવાર, સોમવાર, બુધવાર અને શુક્રવારે મળશે. કેશોદ એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, મુંબઈ જતાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો નોંધાતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ૭૨ મુસાફરોની કેપેસિટી સાથે આ ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે.

કેશોદ એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, મુંબઈના મુસાફરોની સંખ્યામાં વધારો થતાં સાંસદ મનસુખ માંડવિયા અને ધારાસભ્ય દેવાભાઈ માલમે કેશોદ-મુંબઈ ફ્લાઈટમાં વધારાની માગ કરી હતી. આ સાથે જ કેશોદથી અમદાવાદના પ્રવાસીઓમાં વધારો જોવા મળતાં તે માટે પણ ફલાઈટની માગ કરવામાં આવી આવી હતી. જેને ધ્યાને લઈને આ કેશોદ-અમદાવાદ ફ્લાઈટમાં વધારો કરી અમદાવાદ-કેશોદ-દીવની ફ્લાઈટ શરૂ કરવામાં આવી છે.

### બેડી યાર્ડ ૩૦ તારીખથી ૫ તારીખ સુધી બંધ રહેશે

# દિવાળીના તહેવારો પર ૫ દિવસ રાજકોટ માર્કેટ યાર્ડ બંધ રહેશે

**સોયાબીનનો ભાવ ખેડૂતોને ૭૨૫થી ૮૪૫ રૂપિયા એક મણનો મળ્યો હતો યાર્ડમાં આજે કપાસની આવક ૮૪૦૦ ક્વિન્ટલ થઈ**

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. તેમ તેમ લોકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે દિવાળીના તહેવારો પર ૫ દિવસ રાજકોટ માર્કેટ યાર્ડ બંધ રહેશે. માર્કેટયાર્ડ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં રાજકોટ માર્કેટ યાર્ડ ક્યા ક્યા દિવસો દરમિયાન બંધ રહેશે તેની વિગતો જણાવવામાં આવી છે. પરિપત્ર મુજબ રાજકોટનું મુખ્યયાર્ડ, બેડી યાર્ડ ૩૦ તારીખથી ૫ તારીખ સુધી બંધ રહેશે. શાકભાજી વિભાગ ૧લી તારીખથી ૫ તારીખ બંધ રહેશે. બટેટા વિભાગ ૧લી તારીખથી ૪ તારીખ બંધ રહેશે. ડુંગળી વિભાગ ૩૦ તારીખથી ૫ તારીખ બંધ રહેશે અને ઘાસચારા વિભાગ ૩૧ તારીખથી ૪ તારીખ સુધી બંધ રહેશે. રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં આજે સોયાબીનની આવક ૧૦ ક્વિન્ટલ થઈ છે. સોયાબીનનો ભાવ ખેડૂતોને ૭૨૫થી ૮૪૫ રૂપિયા એક મણનો મળ્યો હતો. યાર્ડમાં આજે કપાસની આવક ૮૪૦૦ ક્વિન્ટલ થઈ હતી. જેનો ખેડૂતોને ૧૩૦૦થી ૧૫૬૦ રૂપિયા પ્રતિ મણનો ભાવ મળ્યો હતા. ખેડૂતોને કપાસના સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. બીજી તરફ ઘઉંની પણ આવક થઈ છે.યાર્ડમાં ટુકડા ઘઉંની આવક ૭૫૦થી અને લોકવન ઘઉંની આવક ૬૦ ક્વિન્ટલ થઈ છે.ભાવની વાત કરીએ તો ટુકડા ઘઉંનો ભાવ ખેડૂતોને ૫૭૮થી ૬૨૬ રૂપિયા અને લોકવન ઘઉંના ૫૭૪થી ૬૦૨ રૂપિયા એક મણના મળ્યાં હતાં.

# ગાંધીનગરને મળ્યો 'સિટી વિથ બેસ્ટ સેફ્ટી એન્ડ સિક્યુરિટી સિસ્ટમ - રેકોર્ડ'નો એવોર્ડ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૯ ।

તારીખ ૨૫-૨૭ ઑક્ટોબર દરમિયાન મહાત્મા મંદિર કનવેંશન સેન્ટર,ગાંધીનગર ખાતે આયોજિત ૧૭મી અર્બન મોબીલીટી ઈન્ડિયા કોન્ફરન્સમાં ગાંધીનગર મહાનગર પાલિકાને 'સિટી વિથ બેસ્ટ સેફટી એન્ડ સિક્યુરિટી સિસ્ટમ & રેકોર્ડ'નો એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય દ્વારા આપવામાં આવ્યો છે.આ એવોર્ડ માટે ગાંધીનગર મહાનગર પાલિકાએ iccc સેન્ટર (ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર), સીસીટીવી નેટવર્ક, સ્માર્ટ પોલ જેવા વિવિધ સુરક્ષા અને સલામતીના ફીચર્સ સાથેનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ સબમિટ કર્યો હતો. દિલ્હી ખાતે વિવિધ નિષ્ણાતોની પેનલ દ્વારા શોર્ટલિસ્ટેડ શહેરોનું પ્રેઝન્ટેશન રાઉન્ડ યોજવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.

### રેશનકાર્ડ ધારકોને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો

# ત્રણ મહિનાથી રાશન ન લેનારા પર થશે કાર્યવાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

ભારત સરકાર દેશના નાગરિકો માટે ઘણી યોજનાઓ ચલાવે છે. સરકારની આ યોજનાઓનો લાભ દેશના કરોડો લોકોને મળે છે. આમાંથી મોટાભાગની યોજનાઓ ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે લાવવામાં આવે છે, જેમને મદદની જરૂર હોય છે. ભારતમાં આજે પણ ઘણા લોકો એવા છે જેમને પોતાના માટે ખાવાની વ્યવસ્થા કરવા માટે પણ ઘણી મહેનત કરવી પડે છે. આવા લોકોને ભારત સરકાર નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ઓછી કિંમતે રાશન પૂરું પાડે છે. સરકારે આ માટે લોકોને રાશન કાર્ડ પણ જારી કર્યા છે. પરંતુ હવે રાશન કાર્ડધારકો માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જે રાશન કાર્ડધારકોએ ૩ મહિનાથી રાશન લીધું નથી, તેમના પર હવે સરકાર કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. સરકારનો ઉદ્દેશ્ય હોય છે કે સરકારી યોજનાઓનો લાભ વધુમાં વધુ જરૂરિયાતમંદ અને ગરીબ લોકોને મળી શકે. સરકાર રાશન કાર્ડ દ્વારા ગરીબ જરૂરિયાતમંદ લોકોને ઓછી કિંમતે રાશન પૂરું પાડે છે. રાશન કાર્ડ પર દર મહિને ઓછી કિંમતમાં રાશન લઈ શકાય છે. પરંતુ કેટલાક રાશન કાર્ડધારકો એવા પણ છે જે મહિનાઓ સુધી રાશન કાર્ડ પર રાશન લેતા નથી. સતત ૩ મહિનાથી રાશન ન લેનારા પર હવે સરકાર કાર્યવાહી કરવાની યોજના બનાવી રહી છે.

હિમાચલ પ્રદેશમાં જે લોકોએ ત્રણ મહિનાથી રાશન લીધું નથી, સરકાર આવા લોકોનું રાશન કાર્ડ બ્લોક કરી રહી છે. મળેલી માહિતી મુજબ જે લોકો ૩ મહિનાથી રાશન નથી લઈ રહ્યા, તેનો અર્થ એ છે કે તેમને રાશનની જરૂર નથી. આથી સરકાર તેમના રાશન કાર્ડ બ્લોક કરીને બીજા જરૂરિયાતમંદ લોકોને રાશન આપશે.

આ ઉપરાંત સરકારે ઈ કેવાયસી માટે પણ બધા રાશન કાર્ડધારકોને સૂચના આપી દીધી છે. પરંતુ હજુ પણ ઘણા લોકો એવા છે જેમણે ઈ કેવાયસીની પ્રક્રિયા પૂર્ણ કરાવી નથી. પહેલા આની છેલ્લી તારીખ ૧ સપ્ટેમ્બર હતી પછી તેને વધારીને ૧ નવેમ્બર કરવામાં આવી હતી.

**વિશેષ** | **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે સમગ્ર દેશમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાશે : મુખ્યમંત્રી પટેલ**

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં રન ફોર યુનિટીને ફ્લેગ ઓફ કરાવી

। (માહિતી) અમદાવાદ ।








મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે આયોજિત રન ફોર યુનિટીને ફ્લેગ ઓફ કરાવી હતી. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ કહ્યું કે, બે દિવસ બાદ અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ એવા પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી છે, ત્યારે આ વીરપુરુષને ભાવાંજલિ આપવા આજે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રી અને સૌ દોડવીરો એ દેશની એકતા અખંડિતતા અને સુરક્ષા માટે સમર્પિત રહેવાના સામૂહિક શપથ આ એકતા દોડના પ્રારંભે લીધા હતા. શ્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે લોહ પુરુષ અને દેશની એકતાના શિલ્પી સરદાર સાહેબની દોઢસો મી જન્મ જયંતીની સમગ્ર વર્ષ દરમ્યાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતના રાજકીય એકીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનના સન્માનમાં ૩૧ ઓક્ટોબરના દિવસે ભારતભરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વર્ષ ૨૦૧૪થી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના ઉપલક્ષમાં આ ઉજવણીની શરૂઆત કરવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ કે સરદાર વલ્લભભાઈ પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબના 'એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્ર'ને સાકાર કર્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટી તંત્ર આયોજિત આ રન ફોર યુનિટી અખંડિતતાનું એક પ્રતીક છે. એટલુ જ નહીં, આ દોડ સૌને એકતાના તાંતણે બાંધે પણ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરિકોને દિવાળીની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે, જે દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને એકતાની ઉજવણી કરવા માટે જીવનના તમામ ક્ષેત્રના લોકોને નજીક લાવીને સંવાદિતા અને એકતાના મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલના સંદેશ ને સન્માનિત કરવા માટે વિવિધ વય જૂથોના હજારો નાગરિકોને એકતા અને સૌહાર્દ તરફ પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામા આવે છે. સમગ્ર ગુજરાતમાં તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અલગ અલગ જગ્યા ઉપર રન ફોર યુનિટીનુ આયોજન કરવામા આવતું હોય છે. આ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દ્વારા રન ફોર યુનિટીને સાબરમતી રિવર ફ્રન્ટ ખાતેના ઈવેન્ટ સેન્ટરથી શરૂ કરવામા આવી હતી. આ દોડ કુલ ૩.૦ કિલોમીટર અંતરની રહી હતી, જેમાં અંદાજિત ૨૫૦૦થી વધુ લોકો જોડાયા હતા. આ રન ફોર યુનિટીમાં અમદાવાદના મેયર શ્રી સુશ્રી પ્રતિભાબહેન જૈન, સર્વ સાંસદ સભ્ય શ્રી, સર્વ ધારાસભ્યશ્રી તેમજ ડેપ્યુટી મેયર અને કાઉન્સિલરશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, અમદાવાદ કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે, તેમજ અન્ય મહાનુભાવો, પોલીસના જવાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨









નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આદિવાસી કલાકારોને સુવિધા આપી કલાકૃતિના પ્રદર્શનની મુલાકાત લીધી.

# નવાબ મલિકને ચૂંટણી લડવા અજિત પવારની મંજૂરી : માનખુર્દ સીટ ઉપરથી ફોર્મ ભરશે

। (એજન્સી) મુંબઇ, તા.૨૯ ।

ભારતીય જનતા પાર્ટીના રાજકીય દબાણ છતાં અજિત પવારે મુંબઈના શક્તિશાળી નેતા નવાબ મલિકને માનખુર્દ વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા છે. નોમિનેશનના છેલ્લા દિવસે નવાબ મલિકને માનખુર્દ સીટ માટે એનસીપીના એ અને બી ફોર્મ સોંપવામાં આવ્યા છે. નવાબ મલિકને અજીત જૂથ તરફથી આ A અને B ફોર્મ મળ્યું છે. મતલબ કે નવાબ હવે આ સીટ પરથી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના ઉમેદવાર હશે. આને મોટી રાજકીય રમત કહેવામાં આવી રહી છે. વાસ્તવમાં અનુશક્તિનગરના ધારાસભ્ય નવાબ મલિકને ટિકિટ ન આપવા માટે ભાજપ સતત દબાણ કરી રહ્યું હતું. આ દબાણને કારણે અજિતે શરૂઆતમાં આ સીટ પરથી પોતાની ટિકિટ કેન્સલ કરાવી અને તેમની પુત્રી સના મલિકને ચૂંટણીનું પ્રતિક આપ્યું હતું. આ દરમિયાન નવાબ મલિકે માનખુર્દથી ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી હતી. નવાબના આ સ્ટેન્ડ પછી ભાજપના મુંબઈ અધ્યક્ષ આશિષ શેલારે જાહેરમાં કહ્યું કે અમે કોઈ દાઉદ સમર્થકને ઉમેદવાર બનાવી શકીએ નહીં. શેલારના આ નિવેદન બાદ અજિત દિલ્હી પહોંચ્યા, જ્યાં તેમણે ઉમેદવારની પસંદગી પર ભાજપ હાઈકમાન્ડ સાથે લાંબી ચર્ચા કરી હતી. મહાવિકાસ આઘાડી સરકારમાં મંત્રી રહી ચૂકેલા નવાબ મલિક દાઉદ ઈબ્રાહિમ અને તેની સાથે જોડાયેલા લોકો પાસેથી પૈસા લેવાના આરોપમાં જેલમાં જઈ ચૂક્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### બેકાબુ ખાનગી બસ ફુલ સાથે અથડાયા બાદ પલટી જતા અકસ્માત સર્જાયો

। (એજન્સી) રાજસ્થાન, તા.૨૯ ।

દિવાળીની તૈયારીઓ વચ્ચે રાજસ્થાનમાં ભયાનક અકસ્માત થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. રાજ્યના સીકર જિલ્લાના લક્ષ્મણગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી બસનો અકસ્માત થયો છે, જેમાં ૧૦ મુસાફરોના મોત થયા છે અને ૨૫થી વધુને ઈજા થઈ હોવાના વિગતો સામે આવી છે. હાલ પાંચ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. અકસ્માત અંગે એવી માહિતી સામે આવી છે, મૃતકોમાં પાંચ મહિલા પણ સામેલ છે. મળતા અહેવાલો મુજબ રાજસ્થાનમાં એક બસ પુલ સાથે અથડાયા બાદ પલટી ગઈ છે અને તેમાં સવાર સાત લોકોના મોત થયા હોવાનો રિપોર્ટ સામે આવ્યા છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

### ગાઝિયાબાદ જિલ્લા અદાલતમાં જજ અને વકીલો વચ્ચે બબાલ

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૯ ।

ઉત્તર પ્રદેશની ગાઝિયાબાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં આજે મંગળવારે વકીલો અને ન્યાયાધીશો વચ્ચે વિવાદ થયો હતો. જેના કારણે પોલીસે વકીલો પર લાઠીચાર્જ કર્યો અને અનેક વકીલો ઘાયલ થયા. મળતી માહિતી મુજબ, બાર એસોસિએશનના એક અધિકારી સાથે સંબંધિત કેસમાં કેટલાક વકીલોએ જિલ્લા ન્યાયાધીશનો સંપર્ક કર્યો હતો. સુનાવણી દરમિયાન વકીલોએ જિલ્લા ન્યાયાધીશ સાથે ગેરવર્તણૂક કરી હતી. જે બાદ જિલ્લા ન્યાયાધીશોએ પોલીસને કોર્ટ પરિસરમાં બોલાવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને કોર્ટ રૂમમાં જ વકીલો પર લાઠીચાર્જ કર્યો હતો. જેના કારણે અનેક વકીલો ઘાયલ થયા છે. આ ઘટના બાદ વકીલોમાં રોષ જોવા મળી રહ્યો છે.

### પટનામાં નિર્માણાધીન મેટ્રો ટનલમાં રાત્રે એક દુર્ઘટના સર્જાયી

। (એજન્સી) બિહાર, તા.૨૯ ।

બિહારના પટનામાં નિર્માણાધીન મેટ્રો ટનલમાં રાત્રે એક દુર્ઘટના સર્જાય હતી. આ ટનલના નિર્માણ દરમિયાન કાટમાળ કાઢવાના મશીનની બ્રેક ફેલ થઈ ગઈ હતી. જેમાં બે શ્રમિકના મોત થયા હતા અને અનેક શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હાતા. હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોની સારવાર ચાલુ છે. દુર્ઘટના સમયે અશોક રાજપથ પર દ્વૈં ટર્ન નજીક અકસ્માત સર્જોય હતો. જ્યા ૨૫ શ્રમિકો ટનલમાં કામ કરી રહ્યા હતા. અહેવાલો અનુસાર, આ અકસ્માતમાં બે શ્રમિકોના કરૂણ મોત નિપજ્યા હતા અને ઘણાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે એક શ્રમિકના શરીરના છ ટુકડા થઈ ગયા હતા. કાટમાળ હટાવવા માટે ટનલની અંદર વપરાતી હાઈડ્રોલિક લિફ્ટ મશીનની બ્રેક ફેલ થતા શ્રમિકોએ જીવ ગુમાવ્યો હતો.

### નોઈડામાંથી આરોપીની ધરપકડ

# બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાનને જાનથી મારી નાખવાની ધમકી મળી

। (એજન્સી) મુંબઇ, તા.૨૯ ।

બાબા સિદીકીની હત્યા બાદ હવે તેમના પુત્ર અને ધારાસભ્ય ઝીશાન સિદીકીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ઓફિસના લેન્ડલાઈન નંબર પર ફોન કરીને કોઈ અજાણ્યા વ્યક્તિએ ઝીશાન સિદીકીને આ ધમકી આપી અને પૈસાની માંગણી કરી છે. મળતી માહિતી મુજબ, ધમકીભર્યો ફોન બાંદ્રા પૂર્વમાં ઝીશાન સિદીકીના જનસંપર્ક કાર્યાલયના ફોન પર આવ્યો હતો. જાનથી મારી નાખવાની ધમકી મળ્યા બાદ તેમના નિવાસસ્થાન અને ઓફિસ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ દરમિયાન ઝીશાન સિદીકી અને સલમાન ખાનને ધમકી



આપનાર વ્યક્તિની ઉત્તરપ્રદેશના નોઈડાથી ધરપકડ કરવામાં આવી છે. ઝીશાન સિદીકીની ઓફિસના કર્મચારીએ આપેલી ફરિયાદના આધારે નિર્મલનગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની નોઈડાથી ધરપકડ કરી છે. ધમકી આપનાર વ્યક્તિની ઉંમર ૨૪ વર્ષ છે. તેનું નામ ગુરફાન ખાન ઉર્ફે મોહમ્મદ તૈયબ છે. મુંબઈની નિર્મલનગર પોલીસે નોઈડાથી તેની ધરપકડ કરી છે. મુંબઈ પોલીસે જણાવ્યું હતું કે, ઝીશાન સિદીકીને મુંબઈમાં તેના પિતાની ગોળી મારીને હત્યા કરવાના થોડા દિવસો પહેલા જ જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હતી અને હવે ફરી એકવાર તેને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. બાબા સિદીકી હત્યા કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓએ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે, ઝીશાન અને બાબા સિદીકી બંને તેમના નિશાના પર હતા. તેઓને જે પણ મળે તેના પર ગોળીબાર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ રીતે ઝીશાન સિદીકી પણ આરોપીઓના નિશાના પર હતો.

### દર્દીઓને રાહત આપતાં દવાઓના ભાવ ઘટાડવા આદેશ

# કેન્દ્ર સરકારે કેન્સરના દર્દીઓને રાહત આપતા ત્રણ દવાઓના ભાવમાં ઘટાડો કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

કેન્દ્ર સરકારે દિવાળી પૂર્વે કેન્સરના દર્દીઓને રાહત આપતાં દવાઓના ભાવ ઘટાડવા આદેશ આપ્યો છે. બ્રેસ્ટ કેન્સર અને લંગ્સ કેન્સરની સારવાર માટે વપરાતી દવાઓ હવે સસ્તી થશે. સરકારે ફાર્મા કંપનીઓને કેન્સરની દવાઓ પર દૂર કરવામાં આવેલી કસ્ટમ ડ્યૂટી અને જીએસટીમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા આદેશ આપ્યો છે. નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ ઓફિસ મેમોરેન્ડમ બહાર પાડી બ્રેસ્ટ કેન્સર અને લંગ્સ કેન્સરની સારવાર માટે વપરાતી ત્રણ મુખ્ય એન્ટી બાયોટિક ટ્રાસ્ટુઝુમાબ, ઓસિમેર્ટિનિબ અને ડુર્વાલુમબના




ભાવ ઘટાડવા નિર્દેશ કર્યો છે. કેન્દ્ર સરકારે ૨૦૨૪-૨૫માં જ કેન્સરની આ ત્રણ દવાઓને કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્ત કરી હતી. નાણા મંત્રાલયે ૨૩ જુલાઈના નોટિફિકેશન જાહેર કરી ત્રણ દવાઓ પર કસ્ટમ ડ્યૂટી ૧૦ ટકાથી ઘટાડી ઝીરો કરી હોવાની જાહેરાત કરી હતી. જેનો સીધો લાભ દવાની MRPમાં ઘટાડો કરી ગ્રાહકો સુધી પહોંચાડવો જરૂરી છે. સરકારે આ દવાઓ પર જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા કર્યો હતો. જેથી ફાર્મા કંપનીઓએ ૧૦ ઓક્ટોબરથી જ કેન્સરની આ દવાઓના ભાવ ઘટાડી નવા ભાવ લાગુ કરવા કહ્યું હતું. ઉત્પાદકોને એમઆરપી ઘટાડી ડીલર્સ, સ્ટેટ મેડિસિન કંટ્રોલર્સ અને સરકારને ભાવમાં ફેરફાર અંગે જાણકારી આપવા પણ નિર્દેશ કર્યો હતો. લાન્સેટના રિપોર્ટ અનુસાર, ભારતમાં કેન્સરના દર્દીઓની સંખ્યા ૧૪ લાખથી વધુ થઈ છે. જેમાં દરવર્ષે વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦માં કેન્સરના ૧૩.૯ લાખ, ૨૦૨૧માં ૧૪.૨ લાખ અને ૨૦૨૨માં ૧૪.૬ લાખ કેસો નોંધાયા હતા.

### છોકરી હૈદરાબાદમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયા નિષ્ણાત છે

# AIIMSના ડોક્ટરની ૫૦ કરોડના દહેજની માંગણી, સોશિયલ મીડિયા પર દાવાએ હંગામો મચાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ ખૂબ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં ડોક્ટર ફિનિક્સ નામનું ટ્વિટર હેન્ડલ ધરાવતી મહિલા યુઝરે દાવો કર્યો છે કે, AIIMSના ટોપ રેન્કિંગ યુરોલોજિસ્ટ દ્વારા તેની મિત્ર પાસેથી દહેજમાં ૫૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. પોસ્ટ અનુસાર, તેણે જે છોકરી સાથે લગ્નની વાત કરી હતી તે હૈદરાબાદમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયા નિષ્ણાત છે. લખવામાં આવ્યું છે કે, ડોક્ટર છોકરાની આ માંગથી છોકરી ભાંગી પડી હતી. આટલી મોટી રકમ એકઠી કરવા માટે તેના પરિવારે તમામ પ્રકારની વ્યવસ્થા કરી હતી. છોકરો અને છોકરી બંને તેલુગુ પરિવારના છે. છોકરીના પરિવારની દલીલ છે કે, તેલુગુ સમુદાયમાં દહેજ ફરજિયાત છે. પોસ્ટ કરનાર મહિલાએ લખ્યું છે કે, જ્યારે દહેજ જ લેવું પડે ત્યારે આટલું ભણતર, યોગ્યતા અને રેન્કનો શું ઉપયોગ. આ પૈસા એકત્ર કરવા માટે, છોકરીનો પરિવાર તેમની આખી કમાણી જોખમમાં મૂકવા સંમત થયો. રસપ્રદ વાત એ છે કે, યુવતી પોતે પણ ડોક્ટર છે. સોશિયલ મીડિયા પર આને લઈને ઘણી કોમેન્ટ થઈ રહી છે. લોકો ડોક્ટરની બુદ્ધિ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. કેટલાક લોકોએ એવું પણ પૂછ્યું કે, આટલા પૈસા લીધા પછી ડૉક્ટર શું કરશે? X પર આ પોસ્ટ ૨૮ ઓક્ટોબરના રોજ સવારે ૧૧.૪૫ વાગ્યે કરવામાં આવી હતી. આ પોસ્ટને ૧૦ લાખથી વધુ લોકોએ જોઈ છે. ૫૦ કરોડની દહેજની માંગને પહોંચી વળવા છોકરીના માતા-પિતાએ તેમની નિવૃત્તિના પૈસા દાવ પર લગાવવાનો નિર્ણય કર્યો હતો. તેમની દલીલ છે કે, જો લગ્ન તેલુગુ સમુદાયમાં થઈ રહ્યા હોય તો દહેજ આપવું પડે છે. જ્યારે આ નિર્ણય માત્ર તેમના ભવિષ્યને તો અસુરક્ષિત બનાવશે જ, પરંતુ તેની નાની પુત્રી માટે પણ મુશ્કેલ બનશે. આ પોસ્ટ પર ઘણી કોમેન્ટ્સ આવી છે. જેમાં લોકોએ શિક્ષિત લોકો દ્વારા દહેજ પ્રથાને પ્રોત્સાહન આપવાની ટીકા કરી છે. પોસ્ટ પર કોમેન્ટ કરનારા લોકોએ દહેજ માંગનાર ડોક્ટરની આકરી ટીકા કરી છે. લોકો તેને લોભી પણ કહી રહ્યા છે. તે જ સમયે, કેટલાક લોકોએ કહ્યું છે કે, છોકરી અને તેના માતાપિતાએ આ મામલે સ્ટેન્ડ લેવાની જરૂર છે. તેમની દલીલ એવી છે કે, યુવતી પોતે ભણેલી છે અને નોકરી કરે છે. તે પોતાનું જીવન ખૂબ સારી રીતે જીવી શકે છે અને પોતાની ઓળખ બનાવી શકે છે.

### નકલી જજના કેસમાં સતત ખુલાસા

# નકલી જજની તમામ ડીગ્રી માન્યતા વગરની અને બનાવટી હોવાનો ખુલાસો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદમાંથી ઝડપાયેલા નકલી જજના કેસમાં સતત ખુલાસા થઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં નકલી જજે AMCના પ્લોટ પર કરેલા ખોટા દાવાનો ખુલાસો થયો છે. AMCના જવાબદાર અધિકારીઓ સામે વિજિલન્સ તપાસ સામે થશે. ૨૦૧૯માં નકલી જજ મોરિસ ક્રિશ્ચિયને ખોટા ઓર્ડર કર્યા હતા. ખોટા ઓર્ડર કરાયા છતાં AMCના અધિકારીઓ બેદરકારી દાખવી હતી. પાંચ વર્ષ સુધી AMC ના અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી નથી. તો બીજી તરફ નકલી લવાદ જજ મોરીસ ક્રિશ્ચિયનના રિમાન્ડ દરમિયાન એક બાદ એક કરતૂતો સામે આવી રહી છે.પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી મોરીસ ક્રિશ્ચિયન તમામ ડીગ્રીની માન્યતા વગરની અને બનાવટી છે. બીજી તરફ અમદાવાદમાં નકલી જજ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન વિરુદ્ધ કારંજ પોલીસ મથકે વધુ એક ગુનો નોંધાયો છે. બીજી ફરિયાદ સિટી સિવિલ કોર્ટના રજિસ્ટ્રાર હાર્દિક દેસાઈએ નોંધાવી છે.

# આઈએએસ અધિકારીના ઘર સહિત અને સ્થળોએ ઈડી ત્રાટકી

### સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સાથે જ છત્તીસગઢ લિકર સિન્ડિકેટ કૌભાંડ સાથે જોડાયેલા સ્થળો પર પણ દરોડા પડવાના સમાચાર છે

। (એજન્સી) ઝારખંડ ,તા.૨૯ ।

ઝારખંડ અને છત્તીસગઢમાં ૧૭ સ્થળો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના દરોડા અંગેની માહિતી પ્રકાશમાં આવી છે. EDએ ઝારખંડ કેડરના IAS અધિકારી વિનય ચૌબે, આબકારી વિભાગના અધિકારી ગજેન્દ્ર સિંહ અને ઝારખંડ દારૂના ટેન્ડર સાથે સંબંધિત ઘણી કંપનીઓના માલિકોના સ્થળો પર દરોડા પાડ્યા છે. આ સાથે જ છત્તીસગઢ લિકર સિન્ડિકેટ કૌભાંડ સાથે જોડાયેલા સ્થળો પર દરોડા પડવાના સમાચાર છે. અગાઉ મે મહિનામાં EDએ ઝારખંડના પૂર્વ મંત્રીના નજીકના સાથીદારના ઘરે દરોડા પાડ્યા હતા, જેમાં કરોડો રૂપિયાની રોકડ મળી આવી હતી. તાજેતરમાં મે મહિનામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ રાંચીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. પૂર્વ ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકરના ઘરેથી EDએ જંગી રોકડ જપ્ત કરી હતી. આ કેસમાં કુલ ૬ સ્થળોએ દરોડા પાડીને ૩૫.૨૩ કરોડની રોકડ જપ્ત કરવામાં આવી હતી. દરોડા બાદ બેંકના અધિકારીઓ નોટ કાઉન્ટીંગ મશીન સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને નોટોની ગણતરી ચાલુ હતી. ED એ ફેબ્રુઆરી ૨૦૨૩માં ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કે, કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસમાં કેસ કર્યો હતો. રામની ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઝારખંડના ગ્રામીણ વિકાસ વિભાગમાં પ્રવર્તતા ભ્રષ્ટાચાર અંગે EDએ રાજ્ય સરકારને એક ગુપ્ત પત્ર લખ્યો હતો અને આ મામલે FIR નોંધવા કહ્યું હતું. આ પત્રો પર કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી પરંતુ આ પત્રો આ ભ્રષ્ટ અધિકારીઓ સાથે શેર કરવામાં આવ્યા હતા. રોકડની વસૂલાત સાથે સમાન પત્ર પણ મળી આવ્યો હતો. આલમગીર આલમ ચાર વખત પાકુર વિધાનસભાથી કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે. આ પહેલા આલમગીર આલમ ૨૦ ઓક્ટોબર ૨૦૦૬ થી ૧૨ ડિસેમ્બર ૨૦૦૯ સુધી ઝારખંડ વિધાનસભાના સ્પીકર પણ હતા.

### એક કપલે પંદર વર્ષ પહેલાં Google પર કેસ કર્યો હતો

# ગુગલને ૨૧૭૯૦ કરોડ રૂપિયાનો દંડ

। (એજન્સી) બ્રિટન, તા.૨૯ ।

બ્રિટનના એક કપલે પંદર વર્ષ પહેલાં Google પર કેસ કર્યો હતો. આટલા વર્ષ બાદ આ કપલ એ કેસ જીતી ગયું છે. આ કેસમાં Googleને ૨૧૭૯૦ કરોડ રૂપિયાનો દંડ થયો છે. પ્રાઈઝ કમ્પેરિસન વેબસાઈટ 'Foundem'ના માલિક શિવૉન અને એડમ રાફ દ્વારા ૨૦૦૬માં તેમના બિઝનેસની શરૂઆત કરાઈ હતી. આ વેબસાઈટ લાઈવ થતા જ, તેમણે પ્રાઈઝ કમ્પેરિસન અને શોપિંગ જેવા શબ્દો માટે Google સર્ચ પર તેમની વેબસાઈટ ખૂબ જ નીચે જતી હોય તે જોયું. આ વેબસાઈટ સર્ચ રિઝલ્ટમાં ખૂબ જ નીચે જવાનું મુખ્ય કારણ Googleનું સ્પામ ફિલ્ટર ટૂલ હતું. આ ટૂલ દ્વારા આ વેબસાઈટને ખૂબ જ ઓછો રેક અપાયો હતો. Google સ્પામ ફિલ્ટરના કારણે જે પણ વ્યક્તિ સર્ચ કરે તે આ વેબસાઈટ સુધી પહોંચી શકતી નહોતી. એના કારણે કંપની રેવેન્યુ જનરેટ કરી શકી નહોતી. એડમ દ્વારા મ્મ્ઝને જણાવવામાં આવ્યું હતું કે 'અમે અમારા પેજ અને તેની રેક્રિંગ પર નજર રાખી રહ્યાં હતાં. અમે જોયું કે તેની રેક્રિંગ તરત જ ઘટી ગયું હતું.' આ દરમિયાન શરૂઆતમાં તેમને લાગ્યું હતું કે આ કોઈ ભૂલ હોઈ શકે છે. આ વિશે શિવૉન કહે છે કે, 'અમને એવું લાગ્યું કે અમે કોઈ ચોક્કસ જગ્યાએ ગયા બાદ આ રેક્રિંગ માટેની પેનલ્ટીને હટાવી શકીશું.' જો કે બે વર્ષ બાદ પણ ઘણા પ્રયાસ કરવા છતાં Google દ્વારા આ પેનલ્ટી હટાવાઈ નહોતી. Foundemનો ટ્રાફિક સતત ઓછો થઈ રહ્યો હતો. જ્યારે અન્ય સર્ચ એન્જિન પર તેનું રેક્રિંગ બરાબર હતું. ૨૦૧૦માં યુરોપિયન સરકાર સાથે સંપર્ક કર્યા બાદ કપલને ખબર પડી કે ભૂલ ક્યાં હતી. લાંબી તપાસ બાદ ખબર પડી કે Googleએ Foundemના પ્રતિસ્પર્ધીઓની સામે પોતાની શોપિંગ સર્વિસનો ખોટી રીતે ઉપયોગ કર્યો હતો. યુરોપિયન સરકાર દ્વારા ૨૦૧૭માં Googleને દંડ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે 'Google દ્વારા માર્કેટ પર તેના વર્ચસ્વનો દુરુપયોગ કરાયો છે. આથી તેને ૨.૪ બિલિયન પાઉન્ડ એટલે કે અંદાજે ૨૧૭૯૦ કરોડ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.' આ દંડ સામે Google દ્વારા અપીલ કરાઈ હતી અને એ કેસ સાત વર્ષ સુધી ચાલ્યો. ૨૦૨૪માં યુરોપની કોર્ટ દ્વારા આ અપીલને ફગાવી દેવામાં આવી અને જે દંડ ચૂકવવાનો આદેશ કરાયો. શિવૉન અને એડમ રાફના મતે, આ નિર્ણય વર્ષો પહેલાં આવી જવો જોઈએ હતો. શિવૉને આ વિશે કહ્યું કે 'અમને બંનેને એવું લાગતું હતું કે અમે કોઈ ફેરફાર લાવી શકીએ નહીં. લોકોને પરેશાન કરનારા લોકો અમને બિલકુલ પસંદ નથી.' આ કપલ હવે Google પર માનસિક હેરાનગતિનો કેસ કરવા જઈ રહ્યું છે. આ કેસની સુનાવણી ૨૦૨૬માં છે. ૨૦૧૬માં Foundemને બંધ કરી દેવાયું કારણ કે તે સતત રેક્રિંગમાં નીચે હતું અને પ્રોફિટ એટલો નહોતો થઈ રહ્યો.

## તંત્રી લેખ...

# ભારત-કેનેડા વિવાદ

ભારત-કેનેડા વિવાદને લઈને કેનેડાથી પાછા બોલાવવામાં આવેલા ભારતીય હાઈ કમિશનર સંજય વર્માએ ત્યાંની સ્થિતિ પર પ્રતિક્રિયા આપી. તેમણે કેનેડામાં અભ્યાસ કરવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓને પુનર્વિચાર કરવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે ત્યાંની ગરીબ કોલેજોમાં લાખો રૂપિયા ખર્ચ્યા પછી પણ વિદ્યાર્થીઓને નોકરી મળતી નથી, જેના કારણે તેઓ નિરાશ થઈને આત્મહત્યા કરે છે. ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ જણાવ્યું હતું કે, ‘‘મારા કાર્યકાળ દરમિયાન એક સમયે, દર અઠવાડિયે બે વિદ્યાર્થીઓના મૃતદેહ બોડી બેગમાં ભારત મોકલવામાં આવતા હતા. નિષ્ફળતા પછી, તેમના માતાપિતાનો સામનો કરવાને બદલે તેઓ આત્મહત્યા કરે છે.’’ ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની અલગાવવાદી મુદ્દે ભારત અને કેનેડા વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે સંજય કુમાર વર્મા આ મહિનાની શરૂઆતમાં ભારત પરત ફર્યા હતા.સંજય વર્મા અને અન્ય પાંચ રાજદ્વારીઓને કેનેડા દ્વારા ‘પર્સન્સ ઓફ ઈન્ટરેસ્ટ’ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. આનો અર્થ એ છે કે ભારત દ્વારા ખાલિસ્તાની આતંકવાદી તરીકે નિયુક્ત કેનેડિયન નાગરિકની હત્યાની તપાસમાં ૨૦૨૩ માં તેની પૂછપરછ થવાની હતી. ભારતીય રાજદ્વારીઓના અપમાનને ધ્યાનમાં રાખીને, ભારતે ૧૯ ઓક્ટોબરે સંજય વર્મા અને અન્યને પાછા બોલાવ્યા. ભારત પરત ફર્યા બાદ સંજય વર્માએ કહ્યું કે જો કેનેડાના ભારત સાથે સારા સંબંધો હોત તો પણ તેમણે તેમને આ જ સલાહ આપી હોત. પોતે પિતા હોવાના કારણે આ સલાહ આપી રહ્યા છે. ‘‘બાળકો તેમના ભવિષ્યના સપના પૂરા કરવા જાય છે, પરંતુ તેઓ બધા બોડી બેગમાં પાછા ફરે છે,’’ તેમણે કહ્યું. તેમણે વાલીઓને અપીલ કરી હતી કે તેઓ નિર્ણય લેતા પહેલા કોલેજોની સંપૂર્ણ માહિતી મેળવી લે. ભારતીય રાજદૂતે આ માટે અપ્રમાણિક એજન્ટોને પણ જવાબદાર ઠેરવ્યા હતા. સંજય વર્માએ કહ્યું, ‘‘અઠવાડિયામાં માત્ર એક જ વાર વર્ગો યોજવામાં આવે છે, તેઓ એટલું જ અભ્યાસ કરે છે અને તે મુજબ જ તેમની કુશળતાનો વિકાસ થાય છે. ધારો કે કોઈ વિદ્યાર્થી પોતાનો એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કરે છે, તો તે એન્જિનિયરની નોકરી કરશે. પરંતુ તમે તેને કેબ ચલાવતા જોશો, અથવા દુકાનમાં ચા અને સમોસા વેચવા (કેનેડામાં) પ્રોત્સાહક નથી.’’ ઓગસ્ટની શરૂઆતમાં ભારત સરકારે સંસદમાં એક ડેટા શેર કર્યો હતો. આ મુજબ ૨૦૨૪માં ૧૩,૩૫,૮૭૮ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે. હાલમાં, કેનેડામાં ૪,૨૭,૦૦૦ વિદ્યાર્થીઓ, યુએસમાં ૩,૩૭,૬૩૦, ચીનમાં ૮,૫૮૦, ગ્રીસમાં આઠ, ઈઝરાયેલમાં ૯૦૦, પાકિસ્તાનમાં ૧૪ અને યુક્રેનમાં ૨,૫૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

## આપણા ભારત દેશની અર્થવ્યવસ્થાને મજબૂતી આપતા તહેવારો



પરંપરાગત પર્વ માત્ર સામાજિક જોડાણને નહીં, અર્થવ્યવસ્થાને પણ બળ આપે છે. નવરાત્રિથી શરૂ થયેલી તહેવારી સિઝન પ્રકાશ પર્વ દિવાળી અને પછી છઠ પૂજા સુધી કેટલાય અર્થમાં દેશની અર્થવ્યવસ્થાને મજબૂતી આપનારી છે. દર વર્ષે પરંપરાના પ્રકાશથી મળનારી આ ઝગમગ વધી જ રહી છે. તેનું સૌથી સુખદ પાસું એ છેકે હવે વિદેશી સામાનોને બદલે સ્થાનિક ઉત્પાદનોની ખરીદીમાં લોકોની રુચિ વધી છે. હાલનાં વર્ષોમાં વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારત પહેલ અંતર્ગત દેશી ઉત્પાદનોનો ગુણવત્તા સાથે સામયિક બદલાવ અને સ્થાનિક બજારોથી માંડીને ઓનલાઈન પ્લેટફોર્મ સુધી વેચાણ માટે ઉપલબ્ધ હોવું, દરેક પ્રકારે ભારતીય અર્થવ્યવસ્થાની મજબૂતી સાથે જોડાયેલ છે. યાદ રહે કે કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ દ્વારા હાલમાં એ મોટો દાવો કરવામાં આવ્યો કે ૨૦૨૪ના આ તહેવારી મોસમમાં દેશભરમાં ૪.૨૫ લાખ કરોડ રૂપિયાથી વધારેનો વેપાર થવાની આશા છે. એકલા રાજધાની દિલ્હીમાં જ ૭૫૦૦૦ કરોડ રૂપિયાથી વધારેનો વ્યવસાય થવાનું અનુમાન છે. સમજવું મુશ્કેલ નથી કે દેશના દરેક હિસ્સામાં ધૂમધામથી મનાવાતા દિવાળી પર્વની આ ઉત્સવીય છટાની આર્થિક પક્ષ પર ઉજાસ લાવવામાં કેટલી મોટી ભાગીદારી છે. રોજગાર વધારવાથી માંડીને નવાં ઉત્પાદનોનું સ્વાગત કરવા સુધી, બજારમાં રોનક છવાઈજાય છે. ગ્રાહકોની વધતી ગતિવિધિઓ વેપારી ગતિવિધિઓમાં પણ ઉત્સાહનો સંચાર કરે છે. કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ દ્વારા દેશના તમામ રાજ્યોના મુખ્ય વેપારી કેન્દ્રો મનાતા ૭૦ શહેરોમાં કરવામાં આવેલ અધ્યયન અનુસાર દેશભરના વેપારીઓએ ગ્રાહકોની માંગ અને પ્રાથમિકતાઓને પૂરી કરવા માટે મોટા સ્તર પર તૈયારી કરી છે. પરંપરાગત પરિધાનો, આભૂષણો અને સજાવટી સામાનોથી લઈને સ્થાનિય રંગોની છટા લઈને ભારતીય ઉત્પાદનો બધું જ બજારમાં ઉપલબ્ધ છે. પર્વો-તહેવારોવાળા આપણા દેશમાં આ તહેવારી શૃંખલા સમયે દરેક પ્રકારના ઉત્પાદનોની માંગ શિખર પર હોય છે. સીએઆઈટી અનુસાર આ વર્ષે ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી લઈને ઓટોમોબાઈલ અને રિયલ એસ્ટેટ સુધી વ્યાવસાયિક ગતિવિધિઓ વધી છે. યાદ રહે કે દર વર્ષે આ દિવસે થનારી ખરીદી ખુદમાં એક રેકોર્ડ હોય છે. સીઆઈટી અનુસાર ગત વર્ષે તહેવારી સિઝનમાં દેશભરના બજારોમાં ૩.૭૫ લાખ કરોડ રૂપિયાથી વધારેનો વેપાર થયો હતો. ઉલ્લાસ સાથે ઉજવાતા આ ઉત્સવોમાં સજાવટથી લઈને શૃંગાર સુધી, દરેક પ્રકારના સામાન અને સેવાઓની માંગ વધી જાય છે. કરવાચોથ જેવા પર્વ પર મહેંદી લગાવવાનું કામ જ દેશભરમાં એક મોટો કારોબાર છે. તેમાં મહિલાઓને જ નહીં, પુરુષોને પણ રોજગાર મળે છે. કહેવું ખોટું નથી કે સામાજિક જીવનમાં ઉત્સાહ ભરતા પર્વ અર્થવ્યવસ્થાની પણ રોનક વધારનાર સાબિત થઈ રહ્યા છે. પરસ્પર મિલનનું ધરાતલ બનાવતા પરંપરાગત પર્વો આર્થિક પક્ષનો પાયો પણ પાકો કરે છે. જાગરુકતા અને સજાગતાના મોરચે પણ જોવામાં આવે તો આમ જનતામાં એક દાયિત્વ બોધનો ભાવ સ્પષ્ટ થાય છે. દેશવાસીઓ દ્વારા સ્વદેશી સામાનોને પ્રાથમિકતા આપવાની વાત હોય કે સ્થાનિક બજારોથી સામાન ખરીદવાનું વલણ, સકારાત્મક બદલાવ લાવે છે. લોકલ સર્કલ્સનું અધ્યયન કહે છે કે ૭૦ ટકા શહેરી લોકો દિવાળીની ખરીદી સ્થાનિક વેપારીઓથી જ કરશે.

**કાળી ચૌદશ એટલે દિવાળીની આગલી રાત, ધન તેરસ પછીનાં દિવસને કાળી ચૌદશ તરીકે ઉજવવામાં આવે છે**

# તંત્ર વિદ્યાનો પ્રયોગ માનવીને માનવતા વીહિન બનાવી શકે છે, એ આ તહેવારનું મહાત્મ્ય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મંત્ર સાધના અને બીજી તંત્ર સાધના, આમાં તંત્ર નામની સાધનાનો પ્રયોગ આજની આ કાળી ચૌદશની રાત્રે તાંત્રિકો કરતા હોય છે, ઉપરાંત હનુમાનજીની સાધના માટે પણ કાળી ચૌદસને વિશેષ દિવસ તરીકે ગણાય છે, કાળીચૌદસે હનુમાનજીના મંત્ર પ્રયોગો કરવાથી બધા શત્રુઓ નાશ પામે છે.**

તહેવારોની બરાબરની રંગત જામી છે, અને છેલ્લે છેલ્લે બોણી બોનસ મળતા બજાર પણ ઉભરાવા લાગી છે. સામાન્ય રીતે દીવાળી ના તહેવારો ચડતા ક્રમમાં છે, એટલે ધન તેરસ એ ધન પ્રાપ્તિની પૂજા સંપન્ન કરી, હવે સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે આ રાત્રી બહુ મહત્વની છે. દીવાળી સિવાય પણ આજકાલ માનવી ધન ધાન્ય સમૃદ્ધિ પામવાં કેટલાંય હત્કંડા કરતો હોય છે,પણ સૌથી વધુ ખતરનાક આ સિદ્ધિનાં ખેલ છે જે માનવીને માનવતા વીહિન બનાવે છે. આમ તો કાળી ચૌદસ નામ પડે, એટલે સૌને તંત્ર સાધના યાદ આવે અને આધુનિક વિજ્ઞાનના યુગમાં પણ અંધશ્રદ્ધા અને મેલી વિદ્યાના પ્રયોગો પણ એટલા જ જોરશોરથી થતાં દેખાય છે, એ જોઈને આશ્ચર્ય પણ થાય. લોકો પોતાનું મન વાંછિત ફળ મેળવવા માટે મંત્રનો પ્રયોગ કરે, એ તો હજી સમજાય. પરંતુ તંત્ર વિદ્યાથી કોઈને હેરાન કરીને સિદ્ધિ મેળવી, એ થોડું અજીબ લાગે, પણ મૂળ પરંપરાનું મહાત્મ્ય શું છે એ જોઈએ. કાળનો કાળો કકળાટ આપણે કાઢીશું, એટલે કે તન મન ધન બધું જ પવિત્ર કરવાની એક નિખાલસ કોશિશ કરી આ તહેવાર ઉજવીશું અને જે કોઈ સાધના કરીએ એ વિશ્વ શાંતિ અર્થે અર્પણ કરીશું. કાળી ચૌદશ એટલે દિવાળીની આગલી રાત. ધન તેરસ પછીનાં દિવસને કાળી ચૌદશ તરિકે ઉજવવામાં આવે છે. આજનાં દિવસે ખીર અને વડા બનાવવાનો રિવાજ છે, અને ખાસ કરીને તળેલી વસ્તુઓ બનાવીને ખાવામાં આવે છે, એમ માનવામાં આવે છે કે જેટલું તેલ બળે તેટલો કકળાટ ટળે. સાંજે ગૃહિણીઓ કાણા વાળા વડા અને પુરી, ઘર નજીકનાં ચાર રસ્તે મુકીને ઉતાર કાઢે છે. માનવી પણ અજબ ગજબની પ્રકૃતિ ધરાવે છે, કકળાટ કાઢવો એમ કહીને પોતે જ કબૂલ કરે છે કે અમારા ઘરમાં કકળાટ છે, અને કાઢવાથી કોઈ દિવસ કકળાટ નીકળતો હોય તો, કોઈના ઘરમાં પછીથી કકળાટ થાય જ નહીં. છતાં આ પરંપરા આજ સુધી અમુક ઘરોમાં જોવા મળે છે, અને આશ્ચર્યની વાત તો ત્યાં છે, કે અમુક અમુક ઘરમાં આજની પેઢી પણ આવું બધું માને છે. આ ઉપરાંત હનુમાન મંદિરે હનુમાનજીને તેલ ચઢાવીને તેલનાં દીવાની મેંશ પાડવામાં આવે છે, જે આંખોમાં આંજવાથી આંખો સારી રહે તેમ ઘરડાઓનું માનવું હતું, પરંતુ હાલમાં થયેલાં તબીબી સંશોધનો પરથી, ડોકટરો આવી મેંશ આંખમાં આંજવાનો વિરોધ કરે છે, અને ખાસ કરીને બાળકોને મેંશ ન આંજવી તેવી સલાહ આપે છે. કાળી ચૌદશનું બીજું નામ નરક ચતુર્દશી પણ છે,તો ઘણા લોકો કાળી ચૌદશને રૂપચૌદશ પણ કહે છે, અને સૂર્યોદય પહેલા સ્નાન કરી લે તેમનું રૂપ યથાવત રહે છે, જ્યારે અન્યનું રુપ કાગડો તાણી જાય, એવી પણ અમારા નાનપણમાં કહેવત હતી. મૂળ તો તહેવાર નિમિત્તે બાળકો તથા યુવાનો પણ ઘરમાં વહેલાં ઊઠી જાય, એ હિસાબે કદાચ આવી પ્રથા પડી હશે. આ દિવસે ભગવાન કૃષ્ણએ નરકાસુર નામનાં અસુરનો વધ કરીને પ્રજાજનોને તેના ત્રાસમાંથી ઉગાર્યા હતા, જેથી કરીને તેનું નામ નરક ચતુર્દશી પડેલું છે. કાળી ચૌદશએ મેલી વિદ્યાનાં સાધકોનો ત્રિય દિવસ છે, અને તેઓ એમ માને છે કે આજનાં દિવસે સ્મશાનમાં સાધના કરવાથી તેમની બધી વિધિઓ પૂર્ણ થાય છે, અને મૂલ્યવાન સિદ્ધિ પ્રાપ્ત થાય છે. હિન્દુ સંસ્કૃતિમાં કાલરાત્રિ, મહારાત્રિ, અને મોહ રાત્રિ, એમ ત્રણ રાત્રીનું વિશિષ્ટ મહત્વ દર્શાવાયું છે. કાલ રાત્રી એટલે કે કાળીચૌદસની રાત્રિને મહાકાલીની સાધનાના દિવસ તરીકે કાલરાત્રિ તરીકે મનાવવામાં આવે છે, અને આ દિવસે માત્ર તાંત્રિક નહીં, પરંતુ મંત્ર વિદ્યાનો સાત્વિક પ્રયોગ પણ એટલો જ અસરકારક છે. બીજી મહારાત્રિ, મહારાત્રિ એટલે મહાશિવરાત્રીનો દિવસ ,અને એ દિવસે પણ ભગવાન શંકર અને હનુમાનની આરાધના કરવામાં આવે છે, તેમજ હનુમાન ચાલીસાના પાઠનું અનુષ્ઠાન પણ રાત્રી દરમિયાન કરવામાં આવે છે. મોહ રાત્રિ એટલે જન્માષ્ટમીની રાત્રી, ભગવાન શ્રીકૃષ્ણ પરમ અવતાર તરીકે અવતર્યા હોવાથી એમણે દ્વાપર યુગના મોહ નામના શસ્ત્રથી સૌને મોહિત કર્યા હતાં, તેમનું રૂપ સૌને મોહિત કરનારું હતું, અને તેમની એક એક અદા ઉપર વૈષ્ણવો આજે પણ કુરબાન છે. મૂળમાં હિન્દુ સંસ્કૃતિમાં બે પ્રકારની સાધના કરીને, ઈશ્વરત્વને પ્રાપ્ત કરવામાં આવે છે, અથવા તો જાણવામાં આવે છે. મંત્ર સાધના અને બીજી તંત્ર સાધના. આમાં તંત્ર નામની સાધનાનો પ્રયોગ આજની આ કાળી ચૌદશની રાત્રે તાંત્રિકો કરતા હોય છે.ઉપરાંત હનુમાનજીની સાધના માટે પણ કાળી ચૌદસને વિશેષ દિવસ તરીકે ગણાય છે. કાળીચૌદસે હનુમાનજીના મંત્ર પ્રયોગો કરવાથી બધા શત્રુઓ નાશ પામે છે. કાળીચૌદસની રાત્રીને સિદ્ધરાત્રી પણ ગણવામાં આવે છે. વર્ષના ત્રણ મહાન પર્વોમાં કાળીચૌદસનું પણ વિશેષ મહત્વ છે. જેને શનિગ્રહ,કે શનિની પનોતી હોય, કે શનિ નડતો હોય, તેઓ પણ કાળી ચૌદસે તેના નિવારણ હેતુ દાન પુણ્ય કરીને કે શનિમંત્રજાપ કરીને પણ પીડાનું નિવારણ કરી શકે છે. કાળી ચૌદસે મહાકાળી, દશ મહા વિદ્યા, હનુમાનજી, શનિદેવ, કાળભૈરવ, બટુક ભૈરવ, ઘંટાકર્ણ મહાવીર તથા અન્ય ઉગ્રદેવતાઓની સાધના ઉપાસના કરવાનો અનેરો મહિમા ધરાવે છે. કાળી ચૌદસના પર્વે મંત્ર અને તંત્ર અનુષ્ઠાન દ્વારા પણ દેવી દેવતાઓને રીઝવવા સાધના કરાય છે.કાળી ચૌદસની સાધનાનું ફળ સહસ્ત્ર ગણુ હોય છે. મહાકાળીની પૂજામાં ‘‘ક્લીં’’ બીજ મંત્રનો ઉપયોગ કરી મંત્રજાપ કરતા આદિવ્યાધિ ઉપાધી તથા શત્રુબાધા ટળે છે. જ્યોતિષાચાર્ય જણાવ્યાનુસાર, શાસ્ત્રોમાં તંત્ર-મંત્ર અને યંત્ર ઉપયોગથી સ્વકલ્યાણ કે લોકકલ્યાણના શુભ ઉપાયો પણ દર્શાવાયા છે. જે ઉપાયો અનુસાર કાળીચૌદસે સાધના કે આરાધના કરતા તેના ફળસ્વરૂપે સંકટ સામે રક્ષણ મળે છે.આ બધી વાત કોઈ વિશેષ સિદ્ધિ જોઈતી હોય તેની માટેની છે, આપણે તો સીધુ સાદુ નામ સ્મરણ જ પર્યાપ્ત છે, જે ભવભવના જન્મ મુક્તિના બંધનમાંથી જીવને છોડાવે છે, અને આ જન્મને સફળ બનાવે છે. સિદ્ધિ પ્રસિદ્ધિથી જીવન ક્યારેય પ્રસન્ન થતું નથી, એ વાત હંમેશા યાદ રાખવી. સત્ય પ્રેમ અને કરુણા સામાન્ય માં સામાન્ય માણસ પણ સ્મરણથી પ્રાપ્ત કરી શકે છે, અને એ જ તો જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ છે. આમ પણ આ અંધારાંમાં રહી ભીતરના અંધારને ઓગાળવાનો તહેવાર છે. એટલે કે તમસ રૂપે જે અંધકાર માનસમાં છવાયો છે, એને કાલરાત્રીએ ઓગાળીને સાત્વિકતાનાં અજવાળા કરવાનાં છે. રામરાજ્ય અભિષેકના આગલા દિવસે તમામ પ્રકારના સંશય તેમજ મલિનતા દૂર કરીને સ્વચ્છ મનથી રામરાજ્યની માનસિકતાને સ્વીકારીને અંદરો અંદર સમાધાન સ્થાપવાનો આ સુવર્ણ અવસર છે. આપ સૌના જીવનમાં આ દિવાળીનાં દરેક તહેવારે મન વાંછિત ફળ પ્રાપ્ત થાય,અને અન્ય મેલી મુરાદ કે ઘાત હોય એ સઘળું ટળે,અને સૌ કોઈ ખુશખુશાલ જીંદગી જીવી શકે, એ જ તહેવારનું મહાત્મ્ય છે. જય શ્રી રામ.

**ભાગવત ફરી ફરી કહે છેઃ ધ્યાન કરો, જપ કરો, એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે, પુનરુક્તિ એ દોષ નથી**

# મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે, જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે, ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે, બંનેનું લક્ષ્ય એક જ છે, માર્ગ જુદા જુદા છે, સાધનામાં. ભેદ છે, ધ્યાન એક જ છે, તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે, ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે, સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે.**

આ વર્ષે તિથિની અવઢવતા વચ્ચે આસો સુદ આઠમથી જ બધું ડામાડોળ ચાલે છે.આજે તેરસ કે ચૌદસ.સવારે તેરસ તો બપોર પછી ચૌદસ આ બધા વચ્ચે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો પરમાત્માના મંગલ મય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે.મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી.તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં. આ શરીર ગંદુ છે. આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે. ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી. ધ્યાન કરવાથી જીવ-ઈશ્વરનું મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મસંબંધ થતો નથી.ધ્યાનની પરિપક્વ દશા એ જ સમાધિ છે. તે જ જીવનમુક્તિ. સમાધિઅધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે.ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો,કોઈ જીવનું ધ્યાન ન કરો,કોઈ જડ વસ્તુનું ધ્યાન નકરો, ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણનું ધ્યાન કરો. અનેક જન્મથી આ મન ને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસારના વિષયો દેખાય ત્યારે પરમાત્મા ના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે. ભાગવત ફરી ફરી કહે છેઃ ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિ એ દોષ નથી.એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે. જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં. ભેદ છે. ધ્યાન એક જ છે.તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણરૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોક માં બિરાજેલા છે.ઈષ્ટદેવ માં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો.ક્રિયા અને લીલામાં તફાવત છે.પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ, સ્વાર્થ તથા અહંકાર હોય છે.ઈશ્વરની લીલા બંધનમાં થી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વ નું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી,રસ સર્વને લીલા નામ થી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે, પોતા માટે નહીં. દૈવીજીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે. જગતની ઉત્પત્તિ એ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે, અને વિનાશ એ પણ લીલા છે. વિનાશમાં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ ‘હું’નો નાશ થતો નથી.જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે ‘હું’ ઈશ્વરનો અંશ છું, પણ આ ‘હું’અહંકારમાં પરિણમવું ન જોઈએ. ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારા વંશમાં તેં કોઈને રહેવા દીધો નહીં, તો જા, તારા વંશમાં પણ કોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું કે તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લય એ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે, પરંતુ લય ગમતો નથી.ગાંધારી સમજી ગઈ કે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે. જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર કરનાર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિકવયે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેનું વર્ણન કરીએ છીએ.ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો. ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં. ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે.મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં,પણ ધ્યાન કરવા માટે છે.મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કર્યા હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન,ચિંતન કરવાનું છે. પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે. વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ.સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરી એ છીએ.વ્યાસજીએશ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ કેમ ન લખ્યું? અને સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવભક્તો, દત્તાત્રેય ભક્તો,દેવીના ભક્તો વગેરેને થાયકે ભાગવત તો શ્રી કૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે. એટલે વ્યાસજીએ કોઈનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી,પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું. લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને,કોઈ બીજા શાસ્ત્રને માને. બધા કહે છેકે,અમારું શાસ્ત્રશ્રેષ્ઠ છે,પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સમુદ્ર છે તેમ તેથી પરમાત્મા શિવ, ગણેશ,રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે. સત્ય અખંડ છે, અવિનાશી છે, અબાધિત છે.સત્યનો કદી વિનાશ થતો નથી.સત્યના સ્વરૂપ માં કાંઈ પરિવર્તન થતું નથી. સુખ, દુઃખ,લાભહાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી. ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથીએ સ્થિત પ્રજ્ઞ, શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણ બતાવે છે.રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે.શ્રી કૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ. શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે,ઉદ્ધવ, આ બધું ખોટું છે.હું જ એક સાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે.ભૂત,ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય.તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગતના પદાર્થો દુઃખ રૂપ છે.વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વદૃષ્ટિથી જગત સત્ય નથી.તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે,માત્ર ભાસ છે,તેમ વારં વાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાન ના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી.એ પોતે આનંદ રૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે.તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દૃશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે,ખોટું છે. તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે. રાજાએ ખોટા મોતીનો હારપહેર્યો હોય,તોપણ તેની પ્રતિષ્ઠાનેકારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની ગરીબીને કારણે લોકો એમ માનશે કે, તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતી ની કંઠી પરમાત્માએ પોતાના ડોક માં રાખી છે.માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવતનો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવત નો મુખ્ય વિષયછે.મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તોએ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજી એ વાલ્મીકિને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓ ને મળ્યું કારણ?તેમાં નિષ્કામકર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ ચેતા છે,મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં. આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ.ભોગ ભોગવવા ની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ

## શાહ પરિવારે રાહી પર પૈસા ચોરીનો આરોપ લગાવ્યો, શું અનુ તેણીને નિર્દોષ સાબિત કરશે?

અનુપમાના આગામી એપિસોડમાં, ઈશાની લોકરમાંથી પૈસા લે છે અને શાહ પરિવાર રાહી પર ચોરીનો આરોપ લગાવે છે. અનુપમા ટેલિવિઝન સ્ક્રીન પરનો સૌથી લોકપ્રિય શો છે. રૂપાલી ગાંગુલી અભિનીત ફિલ્મ તેની સ્ટોરીલાઈન અને પ્લોટ સાથે ઈ ચાર્ટમાં ટોચ પર છે. પેઢીના લીપ પછી, વાર્તા અનુપમા અને તેની પુત્રી આધ્યા ઉર્ફે રાહી પર કેન્દ્રિત છે. અનુપમા એક દિવસ અનુજ સાથે ફરી મળવાની આશા રાખે છે. અનુપમાના વર્તમાન એપિસોડમાં, પ્રેમ રાહીને અનુ સાથે ઘરે જવા માટે સંમત થાય છે. શાહના ઘરે બધા રાહીને ટોણો મારતા હતા. પરિવાર તેની હાજરી સ્વીકારવા માટે સંઘર્ષ કરે છે. જ્યારે, અનુપમા (રુપાલી ગાંગુલી) ઈચ્છે છે કે તેની પુત્રી રાહી પાછી આવે. રાહી તેને પરિવારના સભ્યોને પાછી આપે છે અને રોકતી નથી. જો કે, જ્યારે ઈશાની તેની મુશ્કેલીઓનો સામનો કરવાનું શરૂ કરે છે ત્યારે શાહ પરિવારનું ધ્યાન તેના તરફ વળી જાય છે. તે ઘરમાંથી પૈસાની ચોરી કરે છે. મનોરંજન સમાચાર ચાહકો એ જાણવા માટે ખૂબ ઉત્સુક છે કે અનુપમા અનુજને ક્યારે મળશે? અનુપમાના આગામી એપિસોડમાં, પરી ઈશાની માટે ચિંતિત છે અને તેને મદદ કરવા માંગે છે. ઈશાની પોતાની સમસ્યાનો ઉકેલ લાવવા માટે પરિવારના લોકરમાંથી પૈસાની ચોરી કરે છે. બાદમાં, બા લોકર તપાસે છે અને ચોરી વિશે જાણીને ચોંકી જાય છે. દરેક વ્યક્તિ ગભરાઈ જાય છે અને તે માટે રાહી પર દોષારોપણ કરે છે. ઈશાની, તે દરમિયાન, કંઈપણ જાણતો નથી અને તેની ચિંતા છુપાવે છે. ઠીક છે, અનુપમાને એક નવા પડકારનો સામનો કરવો પડે છે કારણ કે તેણે રાહીને નિર્દોષ સાબિત કરવાની છે. શું અનુપમાને ખબર પડશે કે ઈશાનીએ પૈસા ચોર્યા છે? શું રાહી પોતાની નિર્દોષતા સાબિત કરશે? આગળ શું થશે?

# થલાપતિ વિજયે રાજકારણ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા અંગે બાબત મૌન તોડ્યું

### તમિલ સ્ટાર થલપતિ વિજયે પોતાની પહેલી રેલીમાં રાજનીતિ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા પર પહેલી વખત નિવેદન આપ્યું છે

તમિલ સ્ટાર થલપતિ વિજયે પોતાની પહેલી રેલીમાં રાજનીતિ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા પર પહેલી વખત નિવેદન આપ્યું છે. અભિનેતાએ ખુલાસો કર્યો છે કે, ક્યાં કારણોસર તેમણે આ નિર્ણય લીધો છે. સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર થલાપતિ વિજય પોતાની શાનદાર ફિલ્મો માટે જાણીતો છે. થલાપતિ વિજય ફિલ્મો સિવાય રાજકારણમાં પણ પોતાની તાકાત દેખાડવા માટે તૈયાર છે. આ વચ્ચે તેમણે પોતાની પહેલી રેલીમાં રાજકારણ માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા પર ખુલાસો કર્યો છે. થલાપતિએ પોતાના ભાષણ દરમિયાન એ પણ કહ્યું કે, રાજકારણમાં એટલા માટે આવ્યો કે, તે લોકો માટે કાંઈ કરી શકે, અભિનેતાએ હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી દીધી છે. તેમણે પોતાનું કરિયર વિશે વાત કરતા ખુલાસો પણ કર્યો છે. વિજય ફિલ્મોમાંથી રાજકારણ તરફ વળ્યો છે.તમિલ સુપરસ્ટારે આગળ કહ્યું કે, મે મારા કરિયર જ્યારે ઉંચાઈ પર હતુ ત્યારે અનેક ફિલ્મો છોડી દીધી છે. મે સેલેરી પણ છોડી દીધી છે. હું તમારા બધા પર ભરોસો કરી વિજય બનીને આવ્યો છું. વિજય ભારતમાં ફિલ્મો માટે સૌથી વધારે ચાર્જ લેનાર અભિનેતા છે. તમિલગા વેત્રી



કઝગમ પાર્ટીના વડા થલાપતિ વિજયે રવિવારે પાર્ટીના પ્રથમ સંમેલનને સંબોધિત કર્યુ હતું. તેમણે કહ્યું કે, તમિલનાડુમાં બદલાવની જરુરત છે.તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી રાજકારણમાં એન્ટ્રી કર્યા બાદ વિજયે અનેક ખુલાસા કર્યા છે. તેમણે કહ્યું સિનેમામાં કરિયરની શરુઆતમાં મને કહેવામાં આવ્યું હતુ કે, મારો ચેહરો સારો નથી. મારી પર્સનાલિટી સારી નથી, મારી સ્ટાઈલ સારી નથી. એવું પણ કહેવામાં આવ્યું હતુ કે, મારા વાળ અને ચાલવાની સ્ટાઈલ સારી નથી. તેમ છતાં મે હાર માની નહિ અને મારી અલગ ઓળખ બનાવી. થલાપતિ વિજય છેલ્લી વખત વેંકટ પ્રભુની ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમમાં જોવા મળ્યો હતો. તે ટુંક સમયમાં થલાપતિ ૬૯માં જોવા મળશે. ઈટાઈમ્સ સહિત અનેક રિપોર્ટ અનુસાર અભિનેતાએ પોતાની આગામી ફિલ્મ થલાપતિ ૬૯ માટે ૨૭૫ કરોડ રુપિયા ચાર્જ લીધો છે.હવે જોવાનું રહેશે કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મોટું નામ કમાયા બાદ અભિનેતા રાજકારણમાં કેવી નામના કમાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વિજય થલાપતિના લાખો ચાહકો છે. અભિનેતા કહી ચૂક્યો છે કે, પોતાનું નામ બનાવવા માટે ખુબ મોટી મહેનત કરી છે.

## નીરજ અભિરા, રુહીને મારવાનો પ્રયાસ કરે છે? શું અરમાન તેમને બચાવશે?

યે રિશ્તા ક્યા કહેલાતા હેના આગામી એપિસોડ્સમાં, આપણે જોઈશું કે અભિરા અને અરમાન ટૂંક સમયમાં નીરજની ગંદી બાજુ વિશે જાણશે. સમૃદ્ધિ શુક્લા અને રોહિત પુરોહિત સ્ટારર યે રિશ્તા ક્યા કહેલાતા હૈમાં કેટલાક અદ્ભુત ટ્વિસ્ટ અને ટર્ન જોવા મળશે. અભિરા અને અરમાન ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. વિદ્યાએ તેમને શ્રાપ આપ્યો હતો પરંતુ દાદીસા તેમની સાથે હતી. રુહી અને પરિવારના અન્ય સભ્યોએ પણ તેમને ટેકો આપ્યો પરંતુ અમે જોયું કે અક્ષરા અભિરાની માતા હોવાના ઘટસ્ફોટથી બધું બગાડ્યું. અમે એ પણ જોયું કે અભિરા અને અરમાનને આઉટહાઉસમાં રહેવા માટે કહેવામાં આવ્યું હતું કારણ કે રૂહી અભિરાને ઘરે ઈચ્છતી ન હતી. જ્યારે લગભગ આખું ઘર અભિરાની વિરુદ્ધ ગયું ત્યારે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ. તેઓએ ઘરમાં જે કંઈ બન્યું તેના માટે તેણીને દોષ આપવાનું શરૂ કર્યું. જ્યારે ગુંડાઓએ દાદીસા પર હુમલો કર્યો, ત્યારે દોષ અભિરા પર નાખવામાં આવ્યો કારણ કે ગુંડાઓ તેને મારવા આવ્યા હતા. જોકે, દાદીસા તેને આખા સમય દરમિયાન ટેકો આપી રહી છે. આની વચ્ચે, અમે એ પણ જોયું કે અભિરાને ખબર પડી કે તે ગર્ભવતી છે પરંતુ તેણે આ વાત બધાથી અને ખાસ કરીને અરમાનથી ગુપ્ત રાખી હતી કારણ કે તેની ગર્ભાવસ્થા જોખમી છે. તેણી જાણતી હતી કે અરમાન તેણીને ચાલુ રાખવા દેશે નહીં કારણ કે તે તેના સ્વાસ્થ્ય માટે જોખમી હોઈ શકે છે. જોકે, અરમાનને ખબર પડે છે અને તે અભિરા પર ગુસ્સે થઈ જાય છે. તે તેને જાણ ન કરવા બદલ તેણીને પ્રશ્ન કરે છે અને બાદમાં ગર્ભધારણ સમાપ્ત કરવાનો નિર્ણય લે છે કારણ કે તે અભિરા માટે જોખમી છે. પરંતુ અભિરા આમ કરવાનો ઈનકાર કરે છે અને અરમાનને સમજાવવાનો પ્રયાસ કરે છે કે તેઓ ગર્ભાવસ્થાને ચાલુ રાખી શકે છે અને ભગવાન તેમની મદદ કરશે.

**સુપરસ્ટાર સલમાન ખાન પિતા સલીમના નિવેદનથી નારાજ**

# બિશ્નોઈ સમુદાયે બાળ્યું સલમાન ખાનનું પૂતળું

### સમુદાયના કેટલાક સભ્યોએ સલીમ પર ખોટા નિવેદનો આપવાનો આરોપ લગાવ્યો હતો



બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન છેલ્લા ૨૬ વર્ષથી એક એવા કેસમાં ફસાયેલો છે, જેમાંથી તે ઈચ્છે તો પણ બહાર નીકળી શકતો નથી. આ કેસમાં તેણે કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો, જેલમાં ગયો, જામીન પર છૂટ્યો, નિર્દોષ જાહેર થયો, પાછો દોષી ઠેરવવામાં આવ્યો, પાછો જામીન પર બહાર આવ્યો. પરંતુ આ મામલો ક્યાંય પૂરો થતો નથી. આ મામલે કાનૂની કાર્યવાહી સિવાય સલમાનને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળી રહી છે.જેના કારણે તેની સુરક્ષાનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે અને આ ધમકીઓ બિશ્નોઈ સમુદાયમાંથી આવતા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તરફથી આવી રહી છે, જે પોતે જેલમાં છે. આ મામલો ૧૯૯૮માં કાળા હરણના શિકારનો છે. થોડા સમય પહેલા સલમાન ખાનના પિતા સલીમ ખાને એક ઈન્ટરવ્યૂ દરમિયાન સલમાન ખાનને નિર્દોષ જાહેર કર્યો હતો, જે બાદ બિશ્નોઈ સમુદાયે તેમની આકરી ટીકા કરી હતી અને તેમના નિવેદન પર નારાજગી વ્યક્ત કરી હતી. બિશ્નોઈ સમુદાય કાળા હરણને પવિત્ર માને છે.સમુદાયના કેટલાક સભ્યોએ



સલીમ પર ખોટા નિવેદનો આપવાનો આરોપ લગાવ્યો હતો. આટલું જ નહીં તેના વિરોધમાં શનિવારે સલમાન અને તેના પિતા સલીમના પૂતળા બાળીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. એક નિવેદનમાં બિશ્નોઈ સમુદાયે કહ્યું, 'અમે બિશ્નોઈ છીએ અને કોઈ કારણ વગર કોઈ પર આરોપ લગાવતા નથી. ૨૬ વર્ષ પહેલા જ્યારે આ કેસ નોંધવામાં આવ્યો ત્યારે તત્કાલીન ધારાસભ્ય અને બિશ્નોઈ સમુદાયના ઘણા મહત્ત્વપૂર્ણ લોકો ત્યાં હાજર હતા. સલીમખાનના ખોટા નિવેદને લોકોને ગેરમાર્ગે દોર્યા છે.તેણે કહ્યું, 'તેમના નિવેદનથી અમારો આખો સમુદાય દુઃખી થયો છે. અમે કાળા હરણ કેસમાં ન્યાય મેળવવા માટે તમામ શક્ય પ્રયાસો કરીશું અને જો જરૂર પડશે તો અમે રસ્તાઓ પર વિરોધ પણ કરીશું.

# પ્રિન્સ-યુવિકાની પુત્રી પીડાઈ જીવલેણ બીમારીથી રહી છે

લોકપ્રિય કપલ પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરી ગયા અઠવાડિયે જ એક પુત્રીના માતાપિતા બન્યા છે. અભિનેત્રીએ સી-સેક્શન દ્વારા બાળકીને જન્મ આપ્યો હતો. યુવિકાને હોસ્પિટલમાંથી રજા પણ મળી નથી જ્યારે તેની ૬ દિવસની પુત્રી જીવલેણ બીમારીમાં સપડાઈ હોવાનું સામે આવ્યું છે.યુવિકાએ હાલમાં જ એક વ્લોગ શેર કરતા આ માહિતી આપી છે. અભિનેત્રીએ જણાવ્યું કે ડોક્ટર તેને રજા આપવાના હતા પરંતુ ત્યાર બાદ તેની બાળકીની તબિયત બગડી. વ્લોગમાં યુવિકાએ કહ્યું, 'આ પહેલીવાર છે જ્યારે હું મારી પુત્રી સાથે હોસ્પિટલમાં એકલી છું. લોકપ્રિય કપલ પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરી ગયા અઠવાડિયે જ એક પુત્રીના માતાપિતા બન્યા છે, C વિભાગની ડિલિવરી પછી રિકવરી થોડી ધીમી છે. મને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી રહી હતી, જ્યારે ડૉક્ટરે કેટલાક ટેસ્ટ કર્યા જેમાં ખબર પડી કે મારી પુત્રીને કમળો છે.અભિનેત્રીએ





આગળ જણાવતા કહ્યું, 'જ્યારે બાળકોનો જન્મ થાય છે, ત્યારે તેમને ઘણીવાર કમળો થાય છે. ચિંતા કરવાની કોઈ વાત નથી. હું પીડામાં છું પણ અત્યારે મારે મારી દીકરી પર ધ્યાન આપવું પડશે. તમને જણાવી દઈએ કે યુવિકા ચૌધરી IVF દ્વારા માતા બની છે. 'મારા પણ એવા સપના છે કે આપણા બાળકને આપણા માતા-પિતાની જેમ ઉછેરવું, હું પણ મારા બાળકને એક સારો માણસ બનાવવાનો પ્રયત્ન કરીશ. પહેલા દિવસથી જ્યારે અમે પ્રેગ્નન્સી વિશે જાણ્યું, ખુશી, આંસુ અને અન્ય લાગણીઓ, તે સ્કેન જોઈને રડવું, ઘરે આવ્યા પછી તેના વિશે સતત એ વાત કરવી.' વધુમાં તેણે લખ્યું, ''હું ફક્ત ભગવાનનો આભાર માનું છું કે તેણે અમને આ સારા સમાચાર આપ્યા.મને મારા જીવનની શ્રેષ્ઠ ભેટ આપવા બદલ તમારો આભાર, દાદા દાદી આ બાળકને ઉછેરતું જોવા માટે હું રાહ જોઈ શકતો નથી, તમે તેને અંગ્રેજી શીખવો, હું તેને પંજાબી અને હિન્દી શીખવીશ.'

**બહેન ઈશાએ પણ સનીની પોસ્ટ પર કરી કોમેન્ટ**

# સની દેઓલે પિતા ધર્મેન્દ્રની તસવીરો શેર કરીને ફેન્સને ચિંતામાં મુકી દીધા





બોલિવૂડના પાવરફુલ એક્ટર અને દિગ્ગજ સુપરસ્ટાર ધર્મેન્દ્રનો દીકરો સની દેઓલ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. દરરોજ સની પોતાના જીવનની અપડેટ ફેન્સ સાથે શેર કરે છે. તાજેતરમાં, તેણે તેના પિતા ધર્મેન્દ્રની કેટલીક તસવીરો શેર કરી અને તેની સાથે લખ્યું 'આઈ મિસ યુ પાપા'. એક તરફ, કેટલાક ફેન્સ તેની પોસ્ટ પર પ્રેમ વરસાવતા જોવા મળ્યા હતા તો કેટલાક યુઝર્સ ધર્મેન્દ્રના સ્વાસ્થ્યને લઈને ચિંતિત પણ જોવા મળ્યા હતા.સની દેઓલે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ધર્મેન્દ્રની બે તસવીરો શેર કરી છે. તેમાંથી એકમાં ધર્મેન્દ્ર ખુરશી પર બેઠેલો જોવા મળ્યો હતો. તો બીજીમાં તે દિવાલ સામે ઉભા રહીને પોઝ આપતો જોવા મળે છે. આ તસવીરોમાં ધર્મેન્દ્રએ ચેકડ શર્ટ સાથે બ્લુ જીન્સ પહેર્યું છે. તેણે તેના માથા પર ટોપી પણ પહેરી હતી. તેની આ સ્માઈલ હવે તેના ફેન્સના દિલ જીતી રહી છે.આ તસવીરો શેર કરતી વખતે સનીએ કેપ્શનમાં લખ્યું કે, 'પાપા મિસિંગ યુ' આની સાથે એક્ટરે ઘણા રેડ હાર્ટ ઈમોજી પણ મૂક્યા છે. ફેન્સ ઉપરાંત હવે ઘણા સેલેબ્સ પણ સનીની આ પોસ્ટ પર પ્રેમ વરસાવી રહ્યા છે. આ સિવાય સની દેઓલની સાવકી બહેન એશા દેઓલે પણ તેની પોસ્ટ પર કોમેન્ટ કરી હતી અને બ્લેક હાર્ટ સાથે એવિલ આઈની ઈમોજી બનાવી હતી. આ સિવાય ઘણા યુઝર્સ એવું કહેતા પણ જોવા મળ્યા હતા કે, આવા કેપ્શન કોણ લખે છે, તમે લવ યુ પણ લખી શકો છો, ખરું ને? પોસ્ટ જોઈને ફેન્સ ધર્મેન્દ્રની તબિયતને લઈને ચિંતિત છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સની દેઓલ છેલ્લે ફિલ્મ 'ગદર ૨'માં જોવા મળ્યો હતો. જેમાં તે અમીષા પટેલ સાથે હતો. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર પણ ધૂમ મચાવી હતી અને કમાણીના ઘણા રેકોર્ડ તોડ્યા હતા. ધર્મેન્દ્ર ફિલ્મોમાં પણ એક્ટિવ છે. તે છેલ્લે શાહિદ કપૂર સાથે 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં જોવા મળ્યો હતો.

**ભારતીય લશ્કર અંગે ટિપ્પણી કરી સાઈ પલ્લવી વિવાદમાં આવી**

# અભિનેત્રી સાઈ પલ્લવી પર ભારતીયો ગુસ્સે

### સાઈ પલ્લવી નિતેશ તિવારીની 'રામાયણ'માં માતા સીતાની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે



દક્ષિણ અભિનેત્રી સાઈ પલ્લવી નિતેશ તિવારીની 'રામાયણ'માં માતા સીતાની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. આ ફિલ્મની અભિનેત્રીનો ફર્સ્ટ લૂક ઓનલાઈન લીક થયો હતો અને ચાહકો પણ ઉત્સાહિત હતા. **Mumbai:** દક્ષિણ અભિનેત્રી સાઈ પલ્લવી નિતેશ તિવારીની 'રામાયણ'માં માતા સીતાની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. આ ફિલ્મની અભિનેત્રીનો ફર્સ્ટ લૂક ઓનલાઈન લીક થયો હતો અને ચાહકો પણ ઉત્સાહિત હતા. જોકે, હવે તેનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે કહી રહી છે કે 'પાકિસ્તાની લોકો ભારતીય સેનાને આતંકવાદી જૂથ કહે છે.' દક્ષિણ અભિનેત્રી સાઈ પલ્લવી નિતેશ તિવારીની 'રામાયણ'માં માતા સીતાની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે સાઈ પલ્લવીની વાયરલ ક્લિપ જાન્યુઆરી ૨૦૨૨માં લેવાયેલ ઈન્ટરવ્યુની છે. વીડિયોમાં તે કહેતા સાંભળી શકાય છે કે 'પાકિસ્તાનના લોકો માને છે કે ભારતીય સેના એક આતંકવાદી જૂથ છે. હું આ હિંસા સમજી શકતો નથી. આ નિવેદનથી ચાહકો ગુસ્સે થઈ ગયા અને હવે અભિનેત્રીને આ માટે ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે.આ નિવેદનને કારણે, સાઈ પલ્લવીનો વીડિયો સામે આવતાની સાથે જ નેટીઝન્સે સાઈ પલ્લવીની આવી ટિપ્પણી માટે ટીકા કરી હતી. એક એક્સ યુઝરે પૂછ્યું- શું ભારતે ક્યારેય આતંકવાદી ગણાતા અન્ય દેશોની સીમા પર હુમલો કર્યો છે? શું ભારતે હંમેશા પાકિસ્તાન અને ચીનથી પોતાના પ્રદેશોની રક્ષા કરવાની જરૂર નથી? તો પછી ભારતીય સૈનિકોને આતંકવાદી કેમ ગણવામાં આવશે?સાઈ પલ્લવી પર ભારતીયો ગુસ્સે છે, એક યુઝરે ટ્વીટ કર્યું, તે સૌથી કટ્ટરપંથી લોકોમાંથી એક છે, તેને ખ્યાલ નથી કે ભારતીય સેના આપણા દેશની સુરક્ષા માટે છે અને સરહદ પારના નિર્દોષ લોકોને નુકસાન પહોંચાડવા માટે નથી. જો તમે હિંમત કરો તો જવાબ આપો, શું તમે મને એક પણ ઉદાહરણ કહી શકો છો કે જ્યાં ભારતીય સેનાના કારણે પાકિસ્તાનમાં આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકો માર્યા ગયા છે?

**ટીવી એક્ટ્રેસે વીડિયોમાં વ્યક્ત કર્યો ગુસ્સો**

# લોકપ્રિય ટીવી અભિનેત્રી ચાહત પાંડે કંજૂસ છે, ૭૦ રૂપિયામાં આઈબ્રો કરાવે છે

લોકપ્રિય ટીવી અભિનેત્રી ચાહત પાંડે હાલમાં સલમાન ખાનના રિયાલિટી શો 'બિગ બોસ ૧૮'માં જોવા મળી રહી છે. શોમાં ચાહતની રમત દર્શકોને પસંદ આવી રહી છે. આ દરમિયાન અભિનેત્રી કોઈ અન્ય કારણોસર ચર્ચામાં આવી છે. ખરેખર, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં ટીવી એક્ટ્રેસ રોઝલિન ખાને ચાહત પાંડે પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે.એટલું જ નહીં, તેણે બિગ બોસ ૧૮ના સ્પર્ધકને કંજૂસનું ટેગ પણ આપ્યું છે. એમ પણ કહ્યું કે ચાહત કેમેરાની સામે મીઠી બનવાનો પ્રયાસ કરી રહી છે. બીજી તરફ આ વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા યુઝર્સ પણ રોઝલિન ખાનને ખૂબ ટ્રોલ કરી રહ્યા છે.ટીવી એક્ટ્રેસ રોઝલિન ખાનનો આ વીડિયો થોડા દિવસો જૂનો છે, જે સોશિયલ મીડિયા પર ફરી ચર્ચામાં આવ્યો છે. વીડિયો શેર કરતી વખતે અભિનેત્રીએ ચાહત પાંડે પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. તેણે કહ્યું, 'ગઈકાલે મારી બહેને બિગ બોસ જોયું. તેણે કહ્યું કે આ ચાહત પાંડે છે જે તેના સલૂનમાં આવે છે. તે કિરણ ટાવરમાં રહે છે.' રોઝલીને કહ્યું, 'મારી બહેનના સલૂનમાં બે શાખાઓ છે અને ચાહત પાંડે વારંવાર મુલાકાત લઈને આવે છે. મારી બહેન ઘણી વખત કેન્સલ કરે છે કારણ કે તે ૭૦ રૂપિયામાં આઈબ્રો કરાવે છે અને દોઢ કલાક સુધી કરાવે છે.અભિનેત્રીએ આગળ કહ્યું, 'તેના કારણે સ્ટાફ પરેશાન થઈ જાય છે. તે કહે છે કે કૃપા કરીને ચાહત પાંડેને અપોઈન્ટમેન્ટ ન આપો. તેણી દરેક વાળની ગણતરી કરે છે. જ્યારે





સ્પર્શ કરવામાં આવે ત્યારે થ્રેડ ચીસો પાડે છે. અરે, દુખતું હોય તો તારી ભ્રમર કેમ કરાવે છે? તેના નામથી આખો સ્ટાફ ભાગી જાય છે. આ તમારા પાત્રને જણાવે છે કે તમારી સાથે કામ કરતા લોકો પ્રત્યે તમારું વલણ કેવું છે. રોઝલિને વધુમાં કહ્યું, 'ચાહત એટલી કંજૂસ છે કે તે ૨૬૫૦૦ રૂપિયાના સ્પામાં આખું પ્રોડક્ટ કન્ટેનર પૂરું કરે છે. એપોઈન્ટમેન્ટ કેન્સલ કરવા છતાં, તે વારંવાર સલૂનમાં આવે છે. વાસ્તવિક જીવનમાં તમે કેમેરા પર કેટલો સુંદર અભિનય કરો છો? હું જાણું છું કે ઘણા લોકો ચાહતનું સમર્થન કરશે પરંતુ એક જ નિયમ છે કે ગરીબ લોકોનો અભિપ્રાય ન લેવો જોઈએ અનેપ ત્યારે જ વ્યક્તિ સફળ બને છે.' તમને જણાવી દઈએ કે કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સ રોઝલિન ખાનને ટ્રોલ કરી રહ્યા છે. કેટલાક તેને સપોર્ટ પણ કરી રહ્યા છે.

# બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે સરદાર પટેલ જન્મજયંતિ પૂર્વે એકતા દોડ- 'રન ફોર યુનિટી' યોજાઈ

## દેશને એકસૂત્રમાં બાંધવા માટે સરદાર સાહેબે છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમી સમગ્ર જીવન સમર્પિત કર્યું : ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર



।(માહિતી) ગાંધીનગર, તા.૨૯।

અખંડ ભારતના નિર્માતા, લોહપુરુષ, ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ૩૧મી ઓક્ટોબર- 'રાષ્ટ્રીય એકતા દિવસ' પૂર્વે સરદાર સાહેબને અંજલિ આપવા સુરત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બારડોલી સ્વરાજ આશ્રમ ખાતે ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષસ્થાને વહેલી સવારે એકતા દોડ યોજાઈ હતી. ધારાસભ્યશ્રી અને મહાનુભાવોએ લીલી ઝંડી આપી એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું હતું. સાથોસાથ તેઓએ એકતા દોડમાં અન્ય દોડવીરો સાથે જોડાઈને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ગુજરાતના સપૂત સરદારને ભાવસભર વંદન કરતા ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું કે, સરદાર સાહેબ આજના આધુનિક અને એક ભારતના ઘડવૈયા છે. દેશને એકસૂત્રમાં બાંધવા માટે સરદાર સાહેબે છેલ્લા શ્વાસ સુધી ઝઝૂમી સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. દેશહિત માટે સરદાર સાહેબે કેટલાક કઠોર અને દૂરગામી નિર્ણયો લઈને એક ભારતનું નિર્માણ કર્યું. જો સરદાર પટેલ ન હોત તો જૂનાગઢ આજે અલગ દેશ હોત. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ સહિત અનેકવિધ અથાગ પ્રયાસોના ફળસ્વરૂપે આજે વિશ્વ આખું સરદાર સાહેબની યશગાથાથી પરિચિત થયું છે. તેમણે સરદાર પટેલના આદર્શ જીવનમાંથી જીવન ઘડતરની પ્રેરણા લઈ જવાબદાર નાગરિક બનવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌએ દેશની એકતા, અખંડિતતા અને સુરક્ષા માટે સંકલ્પબદ્ધ બનવા માટે રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારીશ્રી જિજ્ઞા પરમાર, નગરપાલિકા પ્રમુખ ધર્મેશ પટેલ, ચીફ ઓફિસર મિલન પલસાણા બારડોલી અને મહુવા મામલતદારો, પીઆઈશ્રી વી.એ.દેસાઈ, પીએસઆઈ મેહુલ રાઠોડ અને ડી.કે.ચૌધરી, સહિત પોલીસકર્મીઓ, નગરજનો, સમાજ અગ્રણીઓ, વિદ્યાર્થીઓ, સરદાર પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નેહરુ યુવા કેન્દ્ર અને માય ભારત-સુરત દ્વારા 'મેરા ભારત મેરી દિવાલી' અંતર્ગત 'સ્વચ્છતા હી સેવા અને ટ્રાફિક અવેરનેસ' કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૨૯ ।

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલયના નેહરુ યુવા કેન્દ્ર-સુરત અને માય ભારત-સુરતના ઉપક્રમે 'મેરા ભારત મેરી દિવાલી' અંતર્ગત તા.૨૬ થી ૩૧ ઓક્ટો. સુધી 'સ્વચ્છતા હી સેવા તેમજ ટ્રાફિક અવેરનેસ'' કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વરાછા- મિની બજાર, એ.કે. રોડ તેમજ મોટા વરાછા-સુદામા ચોક અને અડાજણ વિસ્તારમાં ઋષભ સર્કલ, રામનગર ચોકમાં સ્વચ્છતા તેમજ ટ્રાફિક સુરક્ષા અંગે સુરતવાસીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. યુવા મિત્રોએ સ્વચ્છતા ઝુંબેશ યોજી લોકોને સ્વચ્છતા જાળવવા પ્રેરિત કર્યા હતા. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ટ્રાફિક વિભાગ પણ આ કાર્યક્રમમાં સહયોગી થયા હતા. NYKના જિલ્લા યુવા અધિકારી શ્રી સચિન શર્માના માર્ગદર્શન હેઠળ છૈદ્વજ યુવા ગ્રુપના પ્રમુખ મેહુલ દોંગા, રિવોલ્યુશન ગ્રુપના યુવા સાથીઓ અને NYKના રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકો ગૌરવ પડાયા, જૈવિક રૈયાણી, મંથન માવાણી, શ્રધ્ધા વગ્ગુએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# નર્મદા જિલ્લામાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રન ફોર યુનિટી કાર્યક્રમનુ આયોજન : યુવાએ ઉત્સાહભેર સુપ્રભાતે ભાગ લીધો

## "રન ફોર યુનિટી" દોડ શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલયથી શરૂ થઈને ધાબા ગ્રાઉન્ડ રમત સંકુલ ખાતે પૂર્ણાહુતિ




।(માહિતી) રાજપીપળા, તા.૨૯।

રાષ્ટ્રની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન નિમિત્તે "રાષ્ટ્રીય એકતા દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે. જેના પૂર્વે રાજપીપળાના રાજમાર્ગ પર "રન ફોર યુનિટીના ભાગરૂપે આજરોજ તા. ૨૯ ઓક્ટોબરના રોજ રાજ્યના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા નર્મદા જિલ્લામાં "રન ફોર યુનિટી" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈને ફિટ ઈન્ડીયાનો સંદેશ આપ્યો હતો. આગામી તા. ૩૦-૩૧ મી ઓક્ટોબરના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નર્મદા જિલ્લાના પ્રવાસે આવી રહ્યાં છે અને રાષ્ટ્રીય એકતા દિવસે ઉપસ્થિત રહી પ્રજાને રાષ્ટ્રજોગ સંબોધન કરશે. જેના ભાગરૂપે આજરોજ નર્મદા જિલ્લામાં યોજાયેલ "રન ફોર યુનિટી" દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય ખાતેથી શરૂ થઈને ધાબા ગ્રાઉન્ડ રમત સંકુલ ખાતે આ રેલીની પૂર્ણાહુતિ થઈ હતી. જેમાં યુવાનો, રમતવીર સહિત સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના દર્શન કરાવી ફિટ ઈન્ડિયા સંદેશ વ્યાયામ-કસરતનો પેગામ લોકો સુધી પ્રસરાવ્યો હતો. સાથે એક ભારત શ્રેષ્ઠ ભારતના સુત્રને સાકાર કર્યો હતો. "રાષ્ટ્રીય એકતા દિવસ" ની ઉજવણી પૂર્વે યોજાયેલ 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં રાષ્ટ્રીય એકતાની શપથ સૌએ ગ્રહણ કર્યા હતાં. આ "રન ફોર યુનિટી" કાર્યક્રમમાં જિલ્લા રમત-ગમત વિકાસ અધિકારીશ્રી દિનેશભાઈ ભીલ અને અન્ય કોચ ટ્રેનર અને વ્યાયામ કોલેજના પ્રોફેસર્સ ઉપસ્થિત રહી રેલીને સફળ બનાવી હતી.

# અલથાણ પોલીસે અનાથ બાળકો અને સિનીયર સિટીઝન્સ સાથે દિવાળી પર્વની અનોખી ઉજવણી કરી





। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

નાયબ પોલીસ કમિશનરશ્રી વિજયસિંહ ગુર્જરની પ્રેરક ઉપસ્થિતિમાં અલથાણ પોલીસે શેલ્ટર હોમમાં રહેતા ૮૦ જેટલા અનાથ બાળકો અને ૮૦ સિનીયર સિટીઝન્સ સાથે દિવાળી પર્વની અનોખી ઉજવણી કરી હતી. અલથાણ પોલીસે અનાથ બાળકો અને સિનીયર સિટીઝન્સને મીઠાઈ અને નવા કપડાઓની ભેટ આપીને દિવાળી પર્વની સેવાસભર તેમજ સાર્થક ઉજવણી કરી હતી. DCP શ્રી વિજયસિંહ ગુર્જરે અનાથ બાળકો અને વડીલો સાથે આત્મીય સંવાદ સાધીને તેમને દીપાવલીની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.



# પશ્ચિમ રેલવે અમદાવાદ અને ગોરખપુર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૨૯ ।

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી અને છઠ પૂજાના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, અમદાવાદ અને ગોરખપુર વચ્ચે વિશેષ ભાડા પર ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે:-

ટ્રેન નંબર ૦૯૪૪૯/૦૯૪૫૦ અમદાવાદ-ગોરખપુર-અમદાવાદ સ્પેશિયલ (કુલ ૧૦ ફેરા )

ટ્રેન નંબર ૦૯૪૪૯ અમદાવાદ-ગોરખપુર સ્પેશિયલ ૩૦ ઓક્ટોબરથી ૨૭ નવેમ્બર સુધી દર બુધવારે અમદાવાદ થી ૨૨:૦૦ કલાકે ઉપડશે અને શુક્રવારે સવારે ૪:૩૦ કલાકે ગોરખપુર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૦ ગોરખપુર-અમદાવાદ સ્પેશિયલ ૦૧ નવેમ્બરથી ૨૯ નવેમ્બર ૨૦૨૪ સુધી દર શુક્રવારે ગોરખપુરથી સવારે ૦૭:૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૪:૦૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં, આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, બારાબંકી, અયોધ્યા ધામ, મનકાપુર અને બસ્તી સ્ટેશનો પર રોકશે. આ ટ્રેનમાં એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ રેહશે.

ટ્રેન નંબર ૦૯૪૪૯નું બુકિંગ ૨૯ ઓક્ટોબર, ૨૦૨૪થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે. મુસાફરો કૃપા કરીને ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

# જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીની અધ્યક્ષતામાં 'બેટી બચાવો, બેટી પઢાઓ' પહેલ અંતર્ગત 'કોફી વીથ કલેક્ટર' કાર્યક્રમ યોજાયો

## જિલ્લા કલેક્ટર અને મહાનુભાવોના હસ્તે સુરત જિલ્લાની સરકારી શાળાની ધો.૧૦ અને ૧૨માં પ્રથમ ૧૦ ક્રમ મેળવનારી દીકરીઓને પ્રમાણપત્ર અને રૂ.૫ હજાર રોકડ ઈનામ દ્વારા સન્માન



। (માહિતી) સુરત, તા.૨૯ ।

જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે 'બેટી બચાવો, બેટી પઢાઓ' યોજના અંતર્ગત મહિલા અને બાળ અધિકારીની કચેરી-સુરત દ્વારા 'કૉફી વીથ કલેક્ટર' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેક્ટરશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે સુરત જિલ્લાની સરકારી શાળાઓની ધો.૧૦ અને ૧૨માં પ્રથમ ૧૦ ક્રમ મેળવનારી તેજસ્વી દીકરીઓને પ્રમાણ પત્ર અને રૂ.૫ હજાર રોકડ ઈનામ આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે બોર્ડમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી વિદ્યાર્થિનીઓને અભિનંદન આપતા કલેક્ટરશ્રીએ દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપ્યું હતું. તેમણે દિકરીઓને ભણતરની સાથે વ્યવહારુ જ્ઞાન કેળવવા અને સ્કિલ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી આગળ વધવા માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટરશ્રીએ કહ્યું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં લોકોથી અલગ તરી આવવા માટે માત્ર માર્ક્સ નહીં, પરંતુ સ્કિલ્સ અને યોગ્ય અભિગમ જરૂરી છે. વિદ્યાર્થિનીઓને ભણતર માટે પ્રોત્સાહન આપતા જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી ભગીરથસિંહ પરમારે વિકસિત સમાજ માટે શિક્ષિત સ્ત્રીઓનું મહત્વ સમજાવ્યું હતું. દીકરીઓ અને તેમના વાલીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રેરણા આપી સ્ત્રી શિક્ષણથી સ્ત્રી સશક્તિકરણની હિમાયત કરી હતી. આ પ્રસંગે મહિલા અને બાળ અધિકારીશ્રી રાધિકા ગામીત, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવશ્રી સી.આર.મોદી, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીઓ પી.વી.લકુમ અને ડી.પી.વસાવા, મહિલા અને બાળ અધિકારીની કચેરીના અધિકારી/કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ, શિક્ષકો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.





# મજુરા ગેટ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૨૯ ।

રાજય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનાં રોજગાર અને તાલીમ, નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તાબાની સુરત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કૌશલ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. મજુરા ગેટ સ્થિત આઈ.ટી.આઈ. ખાતે એન્જીનીયરીંગ/નોનએન્જીનીયરીંગ વિવિધ ટ્રેડમાં (કોસ્મેટોલોજી, કોમ્પ્યુટર ઓપરેટર પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, ફેશનડીઝાઈનટેકનોલોજી, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સોલાર ટેકનીશીયન, ડ્રાફટસમેન સીવીલ, સર્વેયર, ઈલેક્ટ્રીશીયન, ઈલેક્ટ્રોનીક મીકેનીક, ઈન્સ્ટ્રૂમેન્ટ મીકેનીક કેમિકલ પ્લાન્ટ વગેરે) ટ્રેડમાં ઉત્તિર્ણ થયેલા તાલીમાર્થી ઓને વારી એનર્જી લિમિટેડના એચ.આર. શ્રી શિવલાલ તળાવિયા અને જ્યોતિ ઈલેક્ટ્રિકલ્સ સંદીપભાઈ પટેલ તેમજ મોનાર્ક ઓટોમોટિવ પ્રા. લિમિટેડ વિજયભાઈ સુતરિયા તેમજ જે.બી.જી. ઓ ગ્રૂપ કંપનીઓના પ્રતિનિધિઓ તેમજ સંસ્થા ના આચાર્યશ્રી અને ભૂતપૂર્વ ફોરમેન ઈન્સ્ટ્રકટરશ્રીઓના હસ્તે તાલીમાર્થીઓને મેડલ, પદવી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તાલીમાર્થીઓને આઈ.ટી.આઈ. પાસ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ,ઉદ્યમી સાહશિકતા, એપ્રેન્ટિસશિપ યોજના અને રોજગારી પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં- તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારા પ્રિયપાત્રથી દૂર રહેવું ખૂબ જ મુશ્કેલ બની રહેશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા મગજને પ્રેમ, આશા, વિશ્વાસ, કરૂણા, આશાવાદ તથા વફાદારી જેવી હકારાત્મક લાગણીઓને ગ્રહણ કરે તેવું બનાવો. એકવાર આ લાગણીઓ સંપૂર્ણ અંકુશ લઈ લે- એપછી મગજ દરેક પરિસ્થિતિને હકારાત્મક પ્રતિસાદ આપશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

### વાયનાડમાં પ્રિયંકા ગાંધીએ મધર ટેરેસાની યાદો વાગોળી

# કેન્દ્ર સરકાર દેશમાંથી બંધારણના મૂલ્યોને ખતમ કરી રહી છે : પ્રિયંકા

## ભાજપ સરકાર ભય, રોષ અને તણાવ ફેલાવી રહી હોવાનો વાયનાડમાં કોંગ્રેસ નેતાનો આક્ષેપ કરવામાં આવી રહ્યું છે

। (એજન્સી) વાયનાડ, તા.૨૯ ।

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ વાયનાડની પેટા ચૂંટણી માટે બીજા તબક્કાનો પ્રચાર શરૂ કરી દીધો છે. તેમણે સોમવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પર બંધારણના મૂલ્યોને ખતમ કરવાનો આરોપ મૂક્યો હતો. એઆઈસીસીના જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધીએ મીનાંગડી ખાતે લોકોને સંબોધતા મણિપુરની હિંસાને ટાંકી દેશમાં લઘુમતી સમાજ પર આયોજનબદ્ધ રીતે હુમલા થઈ રહ્યા હોવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, “તમે જાણો છો કે કેન્દ્રની ભાજપ સરકાર ભય, રોષ અને તણાવ ફેલાવી રહી છે.” પ્રિયંકાએ જણાવ્યું હતું કે, “સામાન્ય જનતાને બદલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિત્રોની તરફેણ માટે સતત જુદીજુદી પોલિસી બનાવાઈ રહી છે. રોજ તનતોડ મહેનત કરતા ખેડૂતો માટે કોઈ દયા નથી. આદિવાસી સમાજને કોઈ સમજતું નથી. ભાજપ સરકાર ભય, રોષ અને તણાવ ફેલાવી રહી હોવાનો વાયનાડમાં કોંગ્રેસ નેતાનો આક્ષેપ, તેમની જમીનો ધનાઢ્ય લોકો ખૂંચવી રહ્યા છે.” પ્રિયંકાએ ભાઈ રાહુલ ગાંધીને ટાંકીને જણાવ્યું હતું કે, “આજે આપણે મોટી લડાઈ લડી રહ્યા છીએ અને તે (રાહુલ) લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે. આપણે બંધારણના મૂલ્યોને જાળવવા લડત આપી રહ્યા છીએ. આજે આપણે લોકશાહી માટે લડી રહ્યા છીએ.”વાયનાડમાં લોકસભા પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવનાર પ્રિયંકા ગાંધીએ મધર ટેરેસા સાથે



સંબંધિત એક હૃદયસ્પર્શી વાર્તા શેર કરી છે. પોતાના પ્રચાર દરમિયાન એક ચૂંટણી રેલીને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે મારા પિતાની હત્યા બાદ મધર ટેરેસા અમારા ઘરે આવ્યા હતા. તેમણે મને કહ્યું કે મારે નિરાધાર લોકો માટે કામ કરવું જોઈએ. ત્યાંથી મેં લોકો માટે કામ કરવાની અને તેમને મદદ કરવાની ઈચ્છા વિકસાવી છે. મેં તેમના ટ્રસ્ટમાં બહેનો સાથે કામ કરવાનું શરૂ કર્યું. ત્યાં મારું કામ બાળકોને ભણાવવાનું અને સાફ કરવાનું હતું. ત્યાં મને સમજાયું કે સેવાનો અર્થ શું છે, એક સમુદાય બીજા સમુદાયને કેવી રીતે મદદ કરી શકીએ છીએ, આપણે એકબીજાને કેવી રીતે ટેકો આપી શકીએ. વાયનાડમાં મેં જોયું છે કે કેવી રીતે એક સમુદાયે બીજા સમુદાયને મદદ કરી હતી. મને તે જોઈને ખૂબ જ ગર્વ થયો.

### ઈરાનના હુમલાના ભયે ઈઝરાયેલે કેબિનેટ મિટીંગ બંકરમાં યોજી

# ઈઝરાયેલે ગાઝાની હોસ્પિટલમાંથી ૧૦૦થી વધુ આતંકીઓને પકડ્યા

## હમાસના આતંકીઓ રહેણાંક વિસ્તારો, રાહત શિબિરો અને હોસ્પિટલોમાં આશરો લઇને તેમનું નેટવર્ક ચલાવી રહ્યા છે

। (એજન્સી) જેરૂસલેમ, તા.૨૯ ।

ઈઝરાયેલે ગાઝામાં તેની જમીની સૈન્ય કાર્યવાહી વધુ આકરી બનાવી છે. તેણે એક હોસ્પિટલમાં છુપાયેલા હમાસના ૧૦૦થી વધુ આતંકીઓને ઝડપીને મહત્વની સફળતા હાંસલ કરી છે. આમેય ઈઝરાયેલ છેલ્લાં અનેક દિવસોથી દાવો કરી રહ્યો છે કે હમાસના આતંકીઓ રહેણાંક વિસ્તારો, રાહત શિબિરો અને હોસ્પિટલોમાં આશરો લઈને તેમનું નેટવર્ક ચલાવી રહ્યા છે. બીજી બાજુ ઈઝરાયેલની કેબિનેટે ઈરાનના સંભવિત હુમલાને ધ્યાનમાં રાખીને સોમવારે બંકરમાં મીટિંગ યોજી હતી. ઈઝરાયેલ દળોએ બેઈત લાહિયામાં કમાલ એડવાન પર દરોડા પાડ્યા હતા. જેમાં ૪૪ પુરુષ સ્ટાફને અટકમાં લેવાયા હતા તેમ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે. આ હોસ્પિટલમાં ૨૦૦ જેટલા દરદીઓની સારવાર ચાલી રહી છે. ઈઝરાયેલના હુમલામાં હોસ્પિટલ લગભગ ધ્વસ્ત થઈ ગઈ છે. ઉલ્લેખીય છે કે ઈઝરાયેલે યુદ્ધના ગાળામાં અનેક હોસ્પિટલો પર હુમલા કર્યા છે. આ હોસ્પિટલોમાં આતંકીઓ નથી હોતા તેવા દવા પેલેસ્ટાઈનના મેડિકલ સ્ટાફ કરે છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલ લશ્કર તેના યુદ્ધના શરૂઆતથી જ ગાઝામાંથી પેલેસ્ટાઈન્સને વિસ્તાર ખાલી કરવાની સૂચના આપતું રહે છે. યુએનના આંકડા મુજબ ચાર લાખથી વધુ લોકો હજી પણ ઉત્તર ગાઝામાં છે અને ભીષણ ભૂખમરો વેઠી રહ્યા છે. ઈઝરાયેલે આ વિસ્તારમાં કાળો કહેર લાવીને ૪૩,૦૦૦થી વધુ પેલેસ્ટાઈન્સને મારી નાખ્યા છે. ઈઝરાયેલના એક લશ્કરી



અધિકારીએ જણાવ્યું છે કે કમાલ અદવાન હોસ્પિટલની ફરતે ભારે લડાઈ ચાલી રહી છે. હોસ્પિટલમાંથી શસ્ત્રો પણ મળ્યા છે. અમુક આતંકીઓ તેમની જાતને તબીબ અને હોસ્પિટલના કર્મચારી તરીકે દર્શાવી રહ્યા છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના વડાએ ઈઝરાયેલના હુમલાને ગેરકાયદેસર ગણાવ્યા છે. બીજી બાજુ ઈઝરાયેલના ઈરાન પર હુમલાથી ચિંતિત રશિયાએ કહ્યું છે કે આ હુમલો યુદ્ધમાં ન પરિણમે તે માટે તે પ્રયાસો કરી રહ્યું છે. અમે આશા રાખીએ કે યુએન કાઉન્સિલ સ્થિતિને કાબૂમાં રાખવા મદદરૂપ થશે. ઈરાની સેનાના વડા જનરલ હુસૈન સલામીએ ઈઝરાયેલના હુમલા પછી પહેલી વખત જાહેરમાં નિવેદન આપ્યું હતું. આ હુમલો ઈરાની સમર્થિત આતંકવાદીઓ સાથે યુદ્ધના મેદાનમાં “ખાસ કરીને ગાઝા અને લેબનોનમાં” ઈઝરાયેલની “ખોટી ગણતરી અને અસમર્થતા”નો ભાગ હતો. બીજી બાજુ ઈરાકે ઈરાનના હુમલા માટે તેના એરસ્પેસનો ભંગ થયો હોવાનો વિરોધ યુએનમાં નોંધાવ્યો છે.

## કથાવાચક જયાકિશોરી ગાયના ચામડામાંથી બનેલી વસ્તુ વાપરવાનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

આધ્યાત્મિક ઉપદેશક અને કથાવાચક જયા કિશોરી તેમના અનુયાયીઓને મોહ-માયાથી દૂર રહીને સાદું જીવન જીવવાની સલાહ આપે છે. પરંતુ તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે કથાકાર ૨ લાખથી વધુની કિંમતની બેગ વાપરે છે. ૨૯ વર્ષીય કથાવાચક જયા કિશોરી તેમની કસ્ટમાઈઝ્ડ બેગ સાથે એરપોર્ટ પર દેખાયા હતા. જે બાદ તે ટ્રોલરોના નિશાના પર આવ્યા છે. બેગની બ્રાન્ડ પ્રમાણે વેબસાઈટ પર સર્ચ કરવાથી જાણવા મળે છે કે, વીડિયોમાં દેખાતી ટોટબેગ ગાયના ચામડામાંથી બનેલી છે. તેની કિંમત પણ ૨ લાખ રૂપિયાથી વધુ છે. આ વીડિયોને શેર કરતી વખતે યુઝરે લખ્યું કે, ‘આધ્યાત્મિક કથાવાચક જયા કિશોરી કે જેઓ સાદગીપૂર્ણ જીવનનો ઉપદેશ આપે છે. તેમણે તેનો એક વીડિયો ડિલીટ કરી દીધો છે, જેમાં તેઓ રૂ.૨,૧૦,૦૦૦ની કિંમતની બેગ સાથે જોવા મળ્યા હતા. જો કે, તે સાદગીપૂર્ણ જીવનનો ઉપદેશ આપે છે અને પોતાને ભગવાન કૃષ્ણના ભક્ત કહે છે. બીજી એક વાત ડાયો કંપની વાછરડાના ચામડાનો ઉપયોગ કરીને બેગ બનાવે છે. સોશિયલ મીડિયા પર લોકો આ વીડિયો પર પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.

### પ્રતિ વર્ષે ૨૯ ઓક્ટોબરે ‘વર્લ્ડ સ્ટ્રોક ડે’ મનાવાય છે

# સતત લાંબો સમય સુધી ઉભાં રહેતાં લોકોને સ્ટ્રોકનું જોખમ

## લાંબા સમય સુધી ઊભા રહેવાથી પગમાં લોહી જમા થઈ જવાનો ખતરો વધી જાય છેઃ નિષ્ણાતોના કહેવા પ્રમાણે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૯ ।

દુનિયાભરમાં પ્રતિ વર્ષે ૨૯ ઓક્ટોબરે ‘વર્લ્ડ સ્ટ્રોક ડે’ મનાવવામાં આવે છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે શ્રમિકો-કારીગરો, હેયરડ્રેસર કે ફેક્ટરીના કર્મચારીઓ જેવા લોકોને પોતાના વ્યવસાયોમાં લાંબા સમય સુધી ઊભા રહેવું પડે છે, આ પ્રકારના વ્યવસાયમાં કાર્યરત લોકોમાં સ્ટ્રોક (પક્ષઘાત)ની શક્યતા વધારે રહે છે. વર્લ્ડ સ્ટ્રોક દિવસ પ્રતિ વર્ષે ૨૯ ઓક્ટોબરે ઉજવવામાં આવે છે, જેથી આ સ્થિતિમાં સ્ટ્રોક અંગે જાગૃતિ લાવવામાં આવી શકે અને તેને ઝડપથી રોકી શકાય. દુનિયાભરમાં સ્ટ્રોકથી પીડિત લોકોની સંખ્યા ૨૦૨૧માં વધીને ૧૧.૯ મિલિયન થઈ ગઈ છે. આ સંખ્યા ૧૯૯૦ની સરખામણીમાં ૭૦ ટકા વધારે છે. સ્ટ્રોકથી સંબંધિત મોતનો આંકડો પ્રતિ વર્ષે ૭.૩ મિલિયન થઈ ગયો છે, જેમાં ૧૯૯૦ની તુલનામાં ૪૪ ટકા વૃદ્ધિ થઈ છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે હવે વિશ્વભરમાં ઈસ્કેમિક હૃદયરોગ અને કોવિડ-૧૯ પછી સ્ટ્રોક મોતના કારણોમાં તૃતીય પ્રમુખ કારણ છે. મુંબઈની જસલોક હોસ્પિટલના જાણીતા ન્યુરોસર્જન ડો.રાઘવેન્દ્ર રામદાસીએ જણાવ્યું કે, લાંબા સમય સુધી ઊભા રહેવાથી પગમાં લોહી જમા થઈ જવાનો ખતરો વધી જાય છે, જેના કારણે લોહીના પ્રવાહની પ્રક્રિયા ધીમી થઈ જાય છે, જેના કારણે લોહી ગંઠાઈ જાય છે, જેથી સ્ટ્રોક આવવાનો ખતરો વધી જાય છે. ખાસ કરીને મગજમાં થાક હોય, તેવા સંજોગમાં સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. ડો.રામદાસીએ વધુમાં કહ્યું કે, સમયની સાથે લોહીના ભ્રમણની ગતિ ધીમી પડે તો હાઈ બ્લડપ્રેશરની સમસ્યા સર્જી શકે છે, જે સ્ટ્રોકનું મુખ્ય કારણ બની શકે છે. ઓસ્ટ્રેલિયામાં ૮૩૦૦૦ લોકોને સામેલ કરીને કરાયેલા સ્ટડી રિપોર્ટમાં જાણવા મળ્યું કે, લાંબા સમયથી બેસી રહેવાથી કે ઊભા રહેવાથી ચક્કર આવવા કે માથામાં દુખાવો ઉપડવા જેવી સમસ્યાનું જોખમ વધારે રહે છે. આ સ્ટડીના રિપોર્ટના નિષ્કર્ષ સ્વરુપે નિયમિત ચાલવા અને ફરવાની સલાહ આપવામાં આવી છે. આ સ્ટડી રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે કે, લાંબા સમય સુધી ઊભા રહેવાથી પગમાં લોહી જમા થઈ શકે છે, જેના કારણે લોહીભ્રમણ ધીમી થઈ જાય છે, અને લોહી ગંઠાવવાની શકયતા વધી જાય છે. નારાયણ જૂથના એચઓડી અને ડાયરેક્ટર તથા ઈન્ટરવેન્શનલ ન્યુરોલોજીના ક્લિનિકલ હેડ ડો. વિક્રમ હુડ્ડેએ જણાવ્યું કે, જો હૃદયમાં છેદ હોય, તો જામેલા લોહીના કણો મસ્તિષ્કમાં જવાથી ઈસ્કેમિક સ્ટ્રોક આવી શકે છે, જ્યાં એ લોહીના પ્રવાહને રોકી નાખે છે.

### NCP નેતાના નિવેદનથી મહારાષ્ટ્રમાં હડકંપ

# અજિત પવાર બનશે કિંગમેકર, ગમે ત્યારે પક્ષ બદલી શકે છે

## નવાબ મલિકે અજિત પવાર મુદ્દે ચોંકાવનારો દાવો કર્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૯ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના ધમધમાટ વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના નેતા નવાબ મલિકે એનસીપીના વડા અજિત પવાર મુદ્દે ચોંકાવનારો દાવો કર્યો છે. મલિક આજે પુત્રી સના મલિક સાથે અણુશક્તિનગરમાં ઉમેદવારી ફોર્મ ભરવા ગયા હતા, જ્યાં તેમણે કહ્યું કે, ‘હું આવતીકાલે માનખુર્દ બેઠક પરથી ફોર્મ ભરીશ. મહારાષ્ટ્રમાં અજિત પવાર કિંગમેકર છે, ગમે ત્યારે પક્ષ બદલી શકે છે.’ મલિકની પુત્રીની રેલીમાં મહાયુતિના તમામ ઝંડા હતા, પરંતુ ભાજપનો ઝંડો ન હતો, જેના જવાબમાં મલિકે કહ્યું કે, ‘અમારી સાથે અજિત દાદા છે, તેથી અમને કોઈની જરૂર નથી.’ ઉલ્લેખનીય છે કે, નવાબ મલિક અજિત પવારના એકદમ નજીકના સાથી કહેવાય છે. હવે જોવાનું એ રહ્યું છે, મલિકે કિંગમેકરનું નિવેદન કરતા હવે અજિત પવાર શું જવાબ આપે છે ? ભાજપ અને મલિક વચ્ચે છત્તીસનો આંકડો છે. ભાજપનો વિરોધ છતાં એનસીપી મલિકને ચૂંટણી લડાવવા માંગે છે. ભાજપ એનસીપીના નેતા નવાબ મલિકની ઉમેદવારીનો વિરોધ કરી રહ્યું છે. અગાઉ મુંબઈ ભાજપ એકમના અધ્યક્ષ શેલારે કહ્યું હતું કે, ‘અમે અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહિમ સાથે જોડાયેલા કોઈપણ વ્યક્તિને ટિકિટ આપવાનો સ્વિકાર કરતા નથી. અમે મલિકનું સમર્થન નહીં કરીએ.’ આ ઉપરાંત એનસીપીના ભાગલા પડ્યા બાદ અજિત પવારે ધારાસભ્ય મલિકને પોતાના જૂથમાં સામેલ કર્યા હતા અને તેમાં પણ ભાજપે વાંધો ઉઠાવ્યો હતો. જોકે હવે મલિક માનખુર્દ બેઠક પરથી અપક્ષ ચૂંટણી લડવાની તૈયારીમાં છે.

### આ મામલે મહિલા પત્રકારે ફરિયાદ નોંધાવી

# ઈન્ટરવ્યુ લેવા ગયેલી મહિલા પત્રકારના ખોળામાં બેસી ગયા હતા પૂર્વ ધારાસભ્ય

## મહિલા પત્રકારે આક્ષેપ કર્યો છે કે, તે સીપીએમના એક નેતાનો ઈન્ટરવ્યુ લેવા ગઈ હતી ત્યારે તે જાતીય સતામણીનો ભોગ બની

। (એજન્સી) પશ્ચિમ બંગાળ, તા.૨૯ ।

પશ્ચિમ બંગાળમાં મહિલાઓની સુરક્ષાને લઈને સતત વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આરજી કર મેડિકલ કોલેજમાં ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાની ઘટનાએ સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. દરમિયાન રાજ્યમાં મહિલા પત્રકારની જાતીય સતામણીની ઘટના સામે આવી છે. પશ્ચિમ બંગાળમાં નેતાનું ઈન્ટરવ્યૂ લેવા ગયેલી મહિલા પત્રકાર સાથે આવી ઘટના બની છે. મહિલા પત્રકારે આક્ષેપ કર્યો છે કે, તે સીપીએમના એક નેતાનો ઈન્ટરવ્યુ લેવા ગઈ હતી ત્યારે તે જાતીય સતામણીનો ભોગ બની હતી. સીપીએમ નેતાનું નામ તન્મય ભટ્ટાચાર્ય છે. મહિલા પત્રકારે ફેસબુક લાઈવમાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. તેણીએ કહ્યું કે, સીપીએમના નેતા ઈન્ટરવ્યુ આપવાના બહાને તેની નજીક આવીને ખોળામાં બેસી ગયા. મહિલા પત્રકારે વધુમાં કહ્યું કે, તેને ખાતરી નથી કે સીપીએમ તેના નેતા વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરશે. આને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. કેટલાક લોકોને આ પ્રકારની સમસ્યા હોય છે. મહિલા પત્રકારે કહ્યું કે, તેણે આ મામલે બારાનગર પોલીસ



સ્ટેશનમાં FIR નોંધાવી છે. મામલો સામે આવ્યા બાદ CPMએ તન્મય ભટ્ટાચાર્યને સસ્પેન્ડ કરી દીધા છે. પાર્ટીએ કહ્યું કે તે આ મામલે આંતરિક તપાસ પણ કરશે. જણાવી દઈએ કે તન્મય ભટ્ટાચાર્ય CPMની યુવા પાંખ DYFIનો પ્રદેશ અધ્યક્ષ હતો. તન્મય ભટ્ટાચાર્ય ૨૦૧૬થી ૨૦૨૧ સુધી ઉત્તર દમદમના ધારાસભ્ય હતા. જોકે, ૨૦૨૧માં તન્મય ભટ્ટાચાર્યને ચંદ્રિમા ભટ્ટાચાર્યએ હરાવ્યો હતો. તાજેતરમાં તન્મય બરાહનગર વિધાનસભા પેટાચૂંટણી હારી ગયો હતો. તન્મય ભટ્ટાચાર્ય અગાઉ પાર્ટી સાથેના જોડાણ, પાર્ટીના આદેશનો અનાદર કરવા અને કોંગ્રેસના સરઘસોમાં જવા મુદ્દે પાર્ટીની અંદર વિવાદોમાં રહ્યો હતો.

### મુખ્યમંત્રીશ્રીએ મેરિલ પાર્કમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ, કેન્સર રિસર્ચ સેન્ટર અને સર્જિકલ રોબોટિક્સ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીની તલસ્પર્શી માહિતી મેળવી

# મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વાપીની મેરિલ કંપનીમાં મેડિકલ ડિવાઈસના નવા મેન્યુફેક્ચર પ્લાન્ટનું વીડિયો કોન્ફરન્સથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન કરાયું

। (માહિતી) વલસાડ ।

ધનવંતરી જયંતિ અને ૯ મા આયુર્વેદ દિનની ઉજવણી નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધ રાજ્યોમાં હેલ્થ સેકટરને વધુ સુદઢ અને સશક્ત બનાવવા માટે તા. ૨૯ ઓકટોબર ૨૦૨૪ને મંગળવારે રૂ. ૧૨,૮૫૦ કરોડના આરોગ્યલક્ષી વિવિધ પ્રોજેક્ટની દિવાળી ભેટ દેશવાસીઓને આપી હતી. જે અંતર્ગત વલસાડ જિલ્લાના વાપી તાલુકાના ચલા સ્થિત મેરિલ કંપનીના મેડિકલ ડિવાઈસના નવા મેન્યુફેક્ચર પ્લાન્ટનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન કરાયું હતું. આ પ્રસંગે મેરિલ કંપનીમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. મુખ્યમંત્રીશ્રીનું હેલીપેડ ખાતે આગમન થતા જિલ્લાના સર્વ ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રી, જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે અને જિલ્લા સંગઠનના હોદ્દેદારોએ ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું. જ્યાંથી તેઓ મેરિલ પાર્ક પહોંચી હાર્ટ વાલ્વ અને સ્ટેન્ટના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું નિરિક્ષણ કર્યુ હતું. વડાપ્રધાનશ્રી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મેરિલ પાર્ક – ૧ માં ઉદઘાટન કરાયેલા મેડિકલ ડિવાઈસના નવા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લીધી હતી. આ પ્લાન્ટમાં મુખ્યત્વે સર્જિકલ રોબોટિક્સ, હાર્ટ, વાલ્વ, સ્ટેન્ટ અને કેન્સર રિસર્ચની કામગીરી થશે. કેન્સર રિસર્ચ સર્જિકલ રોબોટિક્સ ક્ષેત્રે થઈ રહેલી કામગીરીની તલસ્પર્શી માહિતી મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી. ત્યારબાદ મેરિલ સ્ટુડીયોમાં મેડિકલ ડિવાઈસમાં બનતા દરેક પ્રકારના ઉપકરણો જેમ કે, ટ્રોમા ઈમ્પ્લાન્ટસ, ઓર્થોપેડિકલ ઈમ્પ્લાન્ટસ અને ભારતનું સૌ પ્રથમ ની (ઘૂંટણ) રિપ્લેસમેન્ટ માટે રોબોટ (મીશો)ની રસપ્રદ માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ એકેડેમીમાં “મેરાઈ ડેટા સેન્ટર”નું પણ ઉદઘાટન કર્યુ હતું. આ ડેટા સેન્ટરનો ઉદ્દેશ આરોગ્ય ક્ષેત્રમાં વૈશ્વિક પરિવર્તન લાવવા માટે Artificial Intelligence (AI)નો ઉપયોગ કરી માનવ જીવનની ગુણવત્તામાં મહત્તમ સ્તરે વધારો




કરાશે. આરોગ્ય ડેટાનો ઉપયોગ કરી નવી નવી દવાઓની શોધ કરી દર્દીઓના ઉપચાર અને નિદાનની ચોકસાઈમાં સુધારો કરી શકાશે. મેરિલ એકેડેમીના તક્ષશિલા ઓડિટોરીયમમાં વડાપ્રધાનશ્રીના દિલ્હીથી પ્રસારિત કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યુ હતું. મુખ્યમંત્રીશ્રીના હસ્તે મેરિલ સંકલ્પ બુક અને ક્લાઈમેટ ચેન્જથી આરોગ્ય ઉપર થતી અસરો અંગે તૈયાર કરાયેલી બુકનું વિમોચન કરવામાં આવ્યુ હતું. મેરિલ કંપનીના અંજુમભાઈ બિલખીયા અને સીઈઓ વિવેકભાઈ શાહે મુખ્યમંત્રીશ્રીને મેરિલ કંપની વિશેની “મેક ઈન ઈન્ડિયા” અને “આત્મનિર્ભર ભારત”ની વિસ્તૃત માહિતી આપી હતી. આરોગ્ય ક્ષેત્રે વરદાન સમાન ગણાતા આયુષ્યમાન કાર્ડ ખાસ કરીને સિનિયર સિટિઝનો માટે વધુ ઉપયોગીબનીશકેતેમાટેવડાપ્રધાનશ્રીદ્વારાનવી પહેલ કરી ૭૦ વર્ષ કે તેથી વધુ વયના લોકો માટે રૂ. ૬ લાખ સુધીની આવક મર્યાદા હતી તે નાબૂદ કરવામાં આવી છે. હવે માત્ર આધાર કાર્ડ અને રાશન કાર્ડ રજૂ કરવાથી આયુષ્યમાન કાર્ડનો લાભ મેળવી શકાશે. આ નવી પહેલ હેઠળ કાર્ડનો લાભ મેળવનાર વલસાડ જિલ્લાના પીએમ જેએવાયના લાભાર્થી ધીરૂભાઈ રમણભાઈ પટેલ અને સવિતાબેન ભીખુભાઈ પટેલ (બંને રહે, કોપરલી, વાપી)ને મુખ્યમંત્રીશ્રીના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રી દ્વારા આ પ્રસંગે સગર્ભા માતા અને ૦ થી ૧૬ વર્ષના બાળક માટેની વેક્સિન અંગે યુ-વિન પોર્ટલનો શુભારંભ કરાયો હતો. જેમાં સગર્ભા માતા અને ૦ થી ૧૬ વર્ષના બાળકની તમામ પ્રકારની વેક્સિનની માહિતી દેશના કોઈપણ ખૂણેથી ઉપલબ્ધ થઈ શકશે. જે અંતર્ગત મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે લાભાર્થી ભાવિકા અંકિતભાઈ પટેલ (રહે. પંડોર) અને લાભાર્થી વિનત કાજલબેન કેતનભાઈ પટેલ (રહે. કરવડ)ને ઈ-વેક્સિન સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું. આયુષ્યમાન કાર્ડના ૭૦ વર્ષ કે તેથી વધુ વયના લાભાર્થીઓના પરિપ્રેક્ષ્યમાં તૈયાર કરાયેલી શોર્ટ ફિલ્મ, આર્યુવેદનું મહત્વ, ફાર્મા સેકટર અને યુ- વિન પોર્ટલ કેવી રીતે કામ કરશે અને ઉપયોગી થશે તે અંગેની શોર્ટ ફિલ્મ સૌએ નિહાળી હતી. આ પ્રસંગે નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, લોકસભાના દંડક અને સાંસદશ્રી ધવલભાઈ પટેલ, વલસાડ, કપરાડા અને ધરમપુર, ઉમરગામના ધારાસભ્યો સર્વશ્રી ભરતભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ અને રમણલાલ પાટકર, વાપી પાલિકાના પ્રમુખ પંકજભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, વાપી વીઆઈએના પ્રમુખ સતિષ પટેલ, મેરિલ કંપનીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ સંજીવ ભટ્ટ, ડિરેકટર પ્રમોજકુમાર મિનોચા અને આર.જી.વ્યાસ સહિત સમગ્ર ટીમ ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારેશભાઈ સોનીએ કર્યુ હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અંધ કન્યા પ્રકાશ ગૃહની દિવ્યાંગ છાત્રાઓ દ્વારા નિર્મિત દીવડાની ખરીદી કરી







। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મેમનગર સ્થિત અંધ કન્યા પ્રકાશ ગૃહમાંથી દીવડાની ખરીદી કરી હતી. આ દીવા અંધ કન્યા પ્રકાશ ગૃહની દિવ્યાંગ છાત્રાઓ દ્વારા બનાવવામાં આવ્યા છે. દિવ્યાંગ દીકરીઓની આ કલાને પ્રોત્સાહન મળે તેવા ઉદાત ભાવથી મુખ્યમંત્રી શ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ દીવડાઓની ખરીદી કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત સૌને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં અમદાવાદના ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, અ.મ્યુ.કોની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, અંધ કન્યા પ્રકાશ ગૃહના પ્રેસિડેન્ટ શ્રી ક્ષિતિશ શાહ, સંસ્થાના મેનેજિંગ કમિટી ટ્રસ્ટી શ્રી રાજન હરિવલ્લભદાસ, સંસ્થાના એડમિનિસ્ટ્રેટર શ્રીમતી સ્મિતા શાહ તેમજ સ્થાનિક રાજકીય અગ્રણીઓ, શિક્ષકો, સંસ્થાની કન્યાઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદનો યુવાન ડિજિટલ એરેસ્ટના સાણસામાં આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના નારણપુરામાં નારણપુરામાં રહેતા એક યુવકના પાર્સલમાં ડ્રગ્સ અને અન્ય વાંધાજનક ચીજવસ્તુઓ હોવાથી ગુનો નોંધાયો હોવાનું કહીને યુવકને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. આ પછી તેના બેંક એકાઉન્ટમાં રહેલા નાણાં અને યુવકના નામે પર્સનલ લોન લઈને છેતરપિંડી આચરી હતી. મહત્ત્વનું છે કે, આ કેસનો ભેદ ઉકેલીને નારણપુરા પોલીસે આંતરરાજ્ય ગેંગના ૧૨ શખ્સોની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીઓ ચાઈનીઝ ગેંગના માટે છેતરપિંડીના નાણાંની હેરફેર કરવા માટે બેંક એકાઉન્ટ પુરા પાડતા હતા. વડોદરામાં બનેલા આવા જ પ્રકારના એક બનાવમાં એક મહિલાને ડિજીટલ એરેસ્ટ દ્વારા ધમકી આપીને લાખો રૂપિયા પડાવી લેવાયા હતા. છાશવારે લોકોને હાઉસ અરેસ્ટ કરીને લાખો પડાવતી ગેંગે પોલીસને પણ દોડતી કરી દીધી છે. અત્યાર સુધી આપણે ડિજિટલ અરેસ્ટના અનેક કેસ વિશે સાંભળ્યું, તેની વિવિધ મોડ્સ ઓપ રેન્ડી વિશે જાણ્યું. આ બનાવમાં જેમાં એક શખસ નકલી IPS અધિકારી બનીને વડોદરાની શિક્ષિકાને ડિજિટલ અરેસ્ટ કરીને પૈસા પડાવી લે છે.

### અમદાવાદમાં દિવાળી પહેલાં જ ઘરકંકાસમાં સાત વર્ષની માસૂમનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના વસ્ત્રાલની વિનાયક સોસાયટીના મકાનમાં પતિએ પત્ની અને પુત્રીને પાઈપ વડે માર માર્યો હતો. બીજી તરફ માર મારવાને કારણે તેમની સાત વર્ષની પુત્રીના મોતથી પરિવાર ઘેરા શોકમાં છે.

દિવાળીના તહેવાર વચ્ચે અમદાવાદના વસ્ત્રાલમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, ઘરકંકાસમાં ૭ વર્ષની પુત્રીએ જીવ ગુમાવ્યો છે. અમદાવાદના વસ્ત્રાલની વિનાયક સોસાયટીના મકાનમાં પતિએ પત્ની અને પુત્રીને પાઈપ વડે માર માર્યો હતો. બીજી તરફ માર મારવાને કારણે તેમની સાત વર્ષની પુત્રીના મોતથી પરિવાર ઘેરા શોકમાં છે. દરમિયાન, પત્ની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે પોલીસે આરોપી પતિની શોધખોળ હાથ ધરી છે.

દિવાળીના તહેવાર વચ્ચે અમદાવાદના વસ્ત્રાલમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી અનુસાર, ઘરકંકાસમાં ૭ વર્ષની પુત્રીએ જીવ ગુમાવ્યો છે. અમદાવાદના વસ્ત્રાલની વિનાયક સોસાયટીના મકાનમાં પતિએ પત્ની અને પુત્રીને પાઈપ વડે માર માર્યો હતો. બીજી તરફ માર મારવાને કારણે તેમની સાત વર્ષની પુત્રીના મોતથી પરિવાર ઘેરા શોકમાં છે. દરમિયાન, પત્ની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવ અંગે પોલીસે આરોપી પતિની શોધખોળ હાથ ધરી છે. દરમિયાન ઈજાગ્રસ્ત પત્નીને સારવાર માટે લઈ જવામાં આવી છે. ઘટનાની માહિતી મળતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. મહત્વની વાત એ છે કે ઘરેલું હિંસાના કારણે પતિએ તેને માર માર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. બનાવ સંદર્ભે પોલીસે પતિ દિલીપ કુશવાહાની શોધખોળ શરૂ કરી છે.

## મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોના મીડિયા પ્રતિનિધિઓએ IIM અમદાવાદની મુલાકાત લીધી

# ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ સંસ્થાનું આર્કિટેક્ચર જોઈને અભિભૂત થયું ગુજરાત પધારેલ આફ્રિકન મીડિયા પ્રતિનિધિ મંડળ

### મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોનું મીડિયા પ્રતિનિધિ મંડળ ૨૬થી ૩૦ ઓક્ટોબર સુધી ગુજરાતની મુલાકાતે

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોનું મીડિયા પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે પધાર્યું છે. મીડિયાકર્મીઓનું આ પ્રતિનિધિ મંડળ ૨૬ થી ૩૦ ઓક્ટોબર સુધી રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ સ્થળો અને સંસ્થોની મુલાકાત લેનાર છે. ૨૯ ઓક્ટોબરના રોજ ૩૦ મીડિયા કર્મીઓના મીડિયા ડેલિગેશને અમદાવાદ ખાતે આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત દરમિયાન મધ્ય અને પશ્ચિમ આફ્રિકન દેશોના મીડિયા કર્મીઓએ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી. તેમણે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો, વિવિધ શાખાઓ સહિત સંસ્થાની પ્રવેશ પદ્ધતિ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ સહિતના મુદ્દાઓ અંગે માહિતી મેળવી હતી તથા હકારાત્મક ચર્ચા વિચારણાઓ કરી હતી. આ મુલાકાત દરમિયાન IIM(ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ) અમદાવાદના પ્રોફેસર, વિદ્યાર્થીઓ અને એલ્યુમની સાથે સેશનમાં હાજરી આપી સંસ્થા વિશે માહિતી પ્રાપ્ત કરી હતી અને શૈક્ષણિક પ્રશ્નોની ચર્ચા કરી હતી. સેશનમાં IIMના વિદ્યાર્થીઓની સ્ટાર્ટઅપ સિદ્ધિઓની જાણકારી મેળવી હતી તેમજ સંસ્થાના ડાયરેક્ટર શ્રી દ્વારા IIM અમદાવાદ વિશે વિશેષ માહિતી અપાઈ હતી. વિદેશી મહેમાનો IIM(ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ)ની લાઈબ્રેરી, એક્ઝીબિશન એરિયા તેમજ સંસ્થાનું આર્કિટેક્ચર જોઈને અભિભૂત થયા હતા. તેમણે સ્ટુડન્ટ્સ સાથે મુલાકાત કરી હર્ષની લાગણી અનુભવી હતી અને વિવિધ પ્રકારના ડિઝાઈન કોર્સિસ વિશે પણ જાણકારી મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૯ ઓક્ટોબરના રોજ આફ્રિકન દેશોના મીડિયા કર્મીઓના પ્રતિનિધિ મંડળે IIM (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ) ઉપરાંત ગાંધીનગર સ્થિત અક્ષરધામની મુલાકાત લીધી હતી.




## એલોપેથિક ડોક્ટર્સ માટે અગત્યની જાહેર નોટિસ

# એલોપેથિક ડોક્ટરોએ ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરવા ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાઇસન્સ લેવું ફરજિયાત

### ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરતા ડોક્ટરોને તેઓની MCI/ NMC દ્વારા માન્યતાપ્રાપ્ત તમામ સ્પેશ્યાલિટી કે સુપર સ્પેશ્યાલિટી ડિગ્રીનું લાઇસન્સ/ રજિસ્ટ્રેશન ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં કરાવવું આવશ્યક

। (માહિતી) અમદાવાદ, તા.૨૯ ।

ભારત દેશ બહાર MBBS પાસ થઈને આવતા કેટલાક એલોપેથિક ડૉક્ટર્સ (ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટસ (FMGs)) કે જે ભારત દેશની M.B.B.S. લાયકાતને સમકક્ષ ડિગ્રી ધરાવતા હોવા છતાં પોતે M.D. PHYSICIAN અથવા Doctor of Medicine લાયકાતધારક હોવાનું દર્શાવી/લખી જાહેર જનતાને ગેરમાર્ગે દોરતા હોય છે, તો આવા તમામ ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (FMGs) એ તેઓના પ્રિસ્ક્રીપ્શન, વિઝિટિંગ કાર્ડ, લેટર પેડ, સાઈન બોર્ડ, રબર સ્ટેમ્પ, ફીની પહોંચ, મેડિકલ સર્ટિફિકેટ વગેરે જેવી તમામ જગ્યાઓ પર ફક્ત M.B.B.S. જ લખવાનું રહેશે અન્યથા તેમના વિરુદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાઈસન્સ સસ્પેન્ડ કરવા સુધીનાં પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરતા તમામ એલોપેથિક ડૉક્ટરોએ તેઓના પ્રિસ્ક્રીપ્શન, લેટર પેડ/ રબર સ્ટેમ્પ, ફીની પહોંચ, મેડિકલ સર્ટિફિકેટ વગેરે પર તેઓને ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ લાઈસન્સ નંબર ફરજિયાતપણે દર્શાવવાનો રહેશે અન્યથા તેમના વિરુદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાઈસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

એટલું જ નહીં, તમામ એલોપેથિક ડૉક્ટરોએ ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરવા ગુજરાત મેડિકલ કાઉન્સિલમાંથી લાઈસન્સ લેવું ફરજિયાત છે. અન્ય રાજ્યનું કે MCI/NMCનું રજિસ્ટ્રેશન/ લાઈસન્સ હોય છતાં ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરવા માટે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન/ લાયસન્સ લેવું ફરજિયાત છે અન્યથા તેમના વિરુદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડિકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાઈસન્સ સસ્પેન્ડ કરવા સુધીનાં પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

અગત્યની વાત એ છે કે, ગુજરાત મેડિકલ કાઉન્સિલના ધ્યાન પર આવ્યું છે કે, ગુજરાતમાં પ્રેક્ટિસ કરતા કેટલાક સ્પેશ્યાલિસ્ટ/ સુપર-સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરો ગુજરાત મેડિકલ કાઉન્સિલનું ફક્ત MBBSનું જ રજિસ્ટ્રેશન/ લાઈસન્સ ધરાવે છે પરંતુ તેમની પોસ્ટ ગ્રેજ્યુએટ MD/ MS જેવી સ્પેશ્યાલિટી કે MCH/ DM જેવી સુપર સ્પેશ્યાલિટી ડિગ્રીનું રજિસ્ટ્રેશન/ લાઈસન્સ લીધું નથી, તો આવા ગુજરાત રાજ્યમાં પ્રેક્ટિસ કરતા ડૉક્ટરોને તેઓની MCI/ NMC દ્વારા માન્યતાપ્રાપ્ત તમામ સ્પેશ્યાલિટી કે સુપર સ્પેશ્યાલિટી ડિગ્રીનું લાઈસન્સ/ રજિસ્ટ્રેશન ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં કરાવવું આવશ્યક હોઈ સત્વરે કરાવી લેવા જણાવવામાં આવે છે અન્યથા તેમના વિરુદ્ધ નેશનલ મેડિકલ કમિશન/ ગુજરાત મેડીકલ કાઉન્સિલના નીતિ-નિયમો મુજબ લાયસન્સ સસ્પેન્ડ કરવા સુધીનાં પગલાં ભરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે, એવું ગુજરાત મેડિકલ કાઉન્સિલરના રજિસ્ટ્રારની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આ ચૂંટણીમાં ૧૦૧ ડેલિગેટએ લીધો હતો ભાગ

# ભાજપના જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાનો સહકારી ક્ષેત્રમાં દબદબો

### કૃભકો ખાતર કંપની દ્વારા ડેલિગેટની ચૂંટણીમાં જયેશ રાદડિયાની તમામ પેનલનો વિજય

। (એજન્સી) રાજકોટ, તા.૨૯ ।

સહકારી ક્ષેત્રમાં જયેશ રાદડિયાનો દબદબો શરૂથી યથાવાત રહ્યો છે. કૃભકો ખાતર કંપની દ્વારા ડેલિગેટની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ભાજપના જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાની તમામ પેનલનો વિજય થયો છે. ૧૦૧ ડેલિગેટની ચૂંટણી યોજાઈ હતી. જેમાં જયેશ રાદડિયાની પેનલે વિજય થતાં ફરી એકવાર સહકારી ક્ષેત્રમાં પોતાની પકડનો પરચો બતાવી દીધો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં રાદડિયા પરિવારનો દબદબો રહ્યો છે જયેશ રાદડિયા ના પિતા વિઠ્ઠલ રાદડિયા સહકારી ક્ષેત્રમાં જે ક્રાંતિ લાવ્યા તેના કારણે આજે પણ જયેશ રાદડિયા આ સહકારી વારસાના મીઠા ફળ ખાઈ રહ્યા છે. તાજેતરમાં ઈફકોના ડિરેક્ટર પદની ચૂંટણીમાં જયેશ રાદડિયાનો વિજય થયો હતો, ત્યારબાદ હવે કૃભકો દ્વારા ડેડિગેટની ચૂંટણી યોજવામાં આવી હતી, આ ચૂંટણીમાં ૧૦૧ ડેલિગેટએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટ, મોરબી અને કચ્છ જિલ્લાની ત્રણેય પેનલમાં જયેશ રાદડિયાની તમામ પેનલનો વિજય થયો હતો.



# ગુજરાતમાં એન્ટ્રી મારે એ પહેલા જ ગ્રામ્ય LCBએ બોલાવ્યો સપાટો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

હવે દિવાળીના દિવસો શરૂ થયા છે ત્યારે દારૂની હેરાફેરી પણ શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં એલસીબીએ દિવાળી પહેલા દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો. દારૂ ભરેલું ટેક્કર ગુજરાતમાં પ્રવેશતા પહેલા અટકાવવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ વડોદરા નજીક જરોદ-બાયપાસ હાઈવે પર પસાર થઈ રહેલા એક ટેક્કરની તપાસ દરમિયાન તેમાંથી દારૂ મળી આવ્યો હતો. પોલીસથી બચવા દારૂના તસ્કરોએ ટેક્કરમાં દારૂ ભરી દીધો હતો. આ ટેક્કરમાંથી દારૂની ૯૧૭ પેટીઓ મળી આવી હતી. તેમજ એલસીબીએ દારૂ સાથે બે લોકોની ધરપકડ કરી ગુનો નોંધ્યો છે. ત્યારે ગોધરાથી વડોદરા તરફ આવી રહેલ દારૂનું ટેક્કર પકડવામાં એલસીબીને સફળતા મળી હતી. આ પહેલા વડોદરામાં સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)ના અધિકારીઓને માહિતી મળી હતી કે કાપુરાઈ માં વાઘોડીયા રોડ પરિવાર ચાર રસ્તા પાસે નુર્મ આવાસ યોજનાના બ્લોક નંબર ૪, મકાન નંબર-૩માં દારૂનો જથ્થો રાખવામાં આવ્યો છે. માહિતીને આધારે SMCના અધિકારીઓએ અહીં દરોડો પાડ્યો હતો.

# ડિજિટલ અરેસ્ટની ગેંગમાં સંડોવાયેલા ૧૨ આરોપીને ઝડપી લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૯ ।

અમદાવાદના નારણપુરાના અંકુર ચાર રસ્તા પાસે રહેતી એક યુવતી ડિજિટલ અરેસ્ટનો ભોગ બની હતી. ગઠિયાઓએ યુવતીને ડિજિટલ અરેસ્ટ કરી તેની પાસેથી ૪.૯૨ લાખ રૂપિયા પડાવી લીધા. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં જ યુવતી નારણપુરા પોલીસ સ્ટેશન પહોંચી. ગુજરાત સહિત દેશભરમાં ડિજિટલ અરેસ્ટના હાહાકાર અને ફફડાટ વચ્ચે અમદાવાદની નારણપુરા પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે ડિજિટલ અરેસ્ટની ગેંગમાં સંડોવાયેલા ૧૨ આરોપીઓની કરી ધરપકડ છે. આરોપીઓએ ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ સહિત વિવિધ રાજ્યોમાં ડિજિટલ અરેસ્ટની જાળ ફેલાવેલી છે. અમદાવાદના નારણપુરાના અંકુર ચાર રસ્તા પાસે રહેતી એક યુવતી ડિજિટલ અરેસ્ટનો ભોગ બની હતી.

# અમદાવાદ-ગોરખપુર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનની જાહેરાત

। અમદાવાદ, તા.૨૯ ।

દેશમાં દિવાળીનો તહેવાર શરૂ થઈ ગયો છે. દરેક વ્યક્તિ પોતાના વતનમાં દિવાળીની ઉજવણી કરવા જઈ રહ્યો છે. પશ્ચિમ રેલવેએ દિવાળી અને છઠ પૂજાની ઉજવણી બાદ અમદાવાદ અને ગોરખપુર વચ્ચે વિશેષ ભાડા સાથે તહેવાર વિશેષ ટ્રેનો શરૂ કરવાની જાહેરાત કરી છે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ કોચ હશે અને તે ૩૦ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર સુધી ચાલશે. ટ્રેન નંબર ૦૯૪૪૯, અમદાવાદ-ગોરખપુર સ્પેશિયલ, અમદાવાદથી દર બુધવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યે ઉપડશે અને શુક્રવારે સવારે ૪:૩૦ વાગ્યે ગોરખપુર પહોંચશે. ટ્રેન નંબર ૦૯૪૫૦ ગોરખપુર-અમદાવાદ સ્પેશિયલ ગોરખપુરથી દર શુક્રવારે સવારે ૭.૩૦ કલાકે ઉપડશે. ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, સવાઈ માધોપુર, આગ્રા ફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, બારાબંકી અને અયોધ્યા ધામ જેવા સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે.




